**સુવિચાર**

કંઈક તો છેલ્લે અધુરૂ રહી જાય છે, જિંદગી સિવાય અહીં કયાં બધુ પુરૂ થાય છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૧૧/૦૬/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિ ૐ PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
ક્રીમ વ્હાઈટ શિખંડ
ન્યુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ સુદ-૧૫ વર્ષ : ૧૬ અંક : ૧૫૪


## સબ કુછ લૂંટા કે હોંશ મે આયે તો કયાં હુઆ, દિનમે હજાર દિયે ભી જલે તો કયાં હુઆ

# અમરેલીનાં સીનિયર સિટીઝને "હિરકબાગ"ની સુવર્ણ યાદ તાજી કરી

**શહેરનાં સેંકડો બુઝર્ગોએ હિરકબાગમાં બેસીને પક્ષીઓનો કલરવ સાંભળ્યો છે**

**આજે પણ કોઈ બુઝર્ગ વ્યકિત હિરકબાગ નજીકથી પસાર થાય તો સોનેરી ક્ષણો યાદ આવી જાય છે**

**શહેરનાં ગૌરવસમા હિરકબાગ ભંગારનાં ડેલા સમાન બની જતાં બુઝર્ગો નિસાસા નાખી રહ્યા છે**

**વિકાસ અને ભ્રષ્ટાચારની ભૂખમાં શહેરની રોનક છીનવાઈ ગઈ હોય કંઈક કરવા બુઝર્ગની આજીજી**




અમરેલી, તા. ૧૦

અમરેલી શહેરનાં સ્ટેશન રોડ પર ૪ થી ૫ દાયકા પહેલા "હિરકબાગ"નું અસ્તિત્વ હતું અને આજે વિકાસ અને ભ્રષ્ટાચારની ભૂખમાં "હિરકબાગ" ભંગારનો ડેલો હોય તેવી દારૂણસ્થિતિમાં આવી જતાં શહેરનાં એક બુઝર્ગે જિલ્લા કલેકટરને ઉદેશીને એક પત્ર પાઠવેલ છે.

તેઓએ વેદનાપત્રમાં જણાવેલ છે કે, અમરેલી શહેરની મધ્યમાં આવેલ શહેરની આન–બાન–શાનસમા એક ભવ્યાતીભવ્ય અને જાજરમાન ભૂતકાળ ધરાવતા હિરકબાગનાં ભો માં ભંડારી દીધેલ ભવ્ય ઈતિહાસની આ દર્દભરી દાસ્તાન રજુ કરવાનો અહી પ્રયત્ન કરેલ છે. જે અમરેલી શહેરના બુઝર્ગો કે જેમણે આ હિરકબાગમાં બેસી અસંખ્ય પક્ષીઓનો કલરવનો એક અદભૂત અને અલૌકિક સુર સાંભળી અને અનોખી શાંતિનો અનુભવ માણેલ જે આજે પણ એ અવાજ કાનમાં ગુંજી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

આજે આ હિરકબાગ ખંડેર અને જર્જરીત બની ગયેલા બગીચા પાસેથી જયારે ઉપરોકત મોજ માણી ચુકેલા બુઝર્ગો પસાર થતા હશે ત્યારે એક દરિયા જેવડો ઉંડો નિસાસો જરૂર નાખતા હશે આ એક સત્ય હકીકત છે.

આજની યુવા પેઢીએ આ બાગની જાહોજલાલી જોઈ નથી પરંતુ શહેરનાં જે બુઝર્ગોએ જોઈ છે તેઓ આજના બાગની સ્થિતિ જોઈ દુઃખી થઈ રહ્યા છે. આ વેરણ–છેરણ થઈ ગયેલ આ બાગ માટે હજુ પણ ઘણું થઈ શકે તેમ છે. શહેરના જાગૃત નાગરીકો જાગે અને સરકારને રજુઆત કરે તો જરૂર ફરી એ જ પક્ષીઓનો કલરવ જરૂર સાંભળવા મળશે એ જ આશા અને અપેક્ષા સહ દડુભાઈ બી. વાળાનાં જય હિંદ, જય ભારત અને છેલ્લે...

**"ભૂલવાનું મને કહો છો સ્મરણો ભૂલાય કયાંથી,**
**કોઈ પ્રેમ પંખીડાને પૂછો**
**બાગે–ચમન ભૂલાય કયાંથી"**

### સરપંચ પદ માટે કુલ ૩૪૩ ફોર્મ રજુ થયા હતા

# અમરેલી જિલ્લામાં સરપંચ પદનાં ૪ તથા સભ્યપદનાં ૨૩ ઉમેદવારીપત્રો રદ થયા

**ગ્રામ પંચાયત સભ્ય માટે ૧૫૨૭ ઉમેદવારીપત્રો ભરાયા હતા**

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં આગામી તા. ૨૨ના રોજ ૨૮૯ જેટલી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાનાર છે. જેમાં ભરાયેલા ઉમેદવારી ફોર્મની આજે ચકાસણી હાથ ધરવામાં આવતાં સરપંચ પદના ૪ તથા ગ્રામ પંચાયત સભ્યપદના ૨૩ ઉમેદવાર પત્રો ટેકનિકલ કારણોસર રદ થવા પામેલ છે.

અમરેલી જિલ્લાની ૨૮૯ ગ્રામ પંચાયતનીંવ ચૂંટણીમાં સરપંચ પદ માટે કુલ ૩૪૩ ફોર્મ રજુ થયા હતા. જે પૈકી કુલ ૪ ઉમેદવારી પત્ર રદ થયા હતા. જયારે ગ્રામ પંચાયત સભ્યપદના કુલ ૧૫૭૨ ઉમેદવારી ભરાયા હતા. જે પૈકી ૨૩ ઉમેદવારી પત્ર ૨૩ ઉમેદવારી પત્ર ટેકનિકલ કારણોસર રદ થયા હતા.

ભરાયેલા ઉમેદવારી પત્રકોની પરત ખેંચવાની છેલ્લી આવતી કાલે તારીખ તા. ૧૧ જૂન છે. જયારે આગામી તા. ૨૨ જૂનના રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી બેલેટ પેપરથી મતદાન થશે.

### અમરેલીનાં વાંકીયા ગામે પણ તાજેતરમાં યુવક ઉપર હુમલો થયો'તો

# ધારીનાં સોઢાપર ગામે ઘરનાં ફળિયામાં પ્રૌઢ આરામ કરતા હોય દીપડાએ કર્યો હુમલો

**પ્રૌઢનું બે દિવસની સારવાર બાદ મોત નિમજયુ**



અમરેલી, તા. ૧૦

ધારી તાલુકાના સોઢાપર ગામે બે દિવસ પહેલાં એક ૫૦ વર્ષિય પ્રૌઢ પોતાના ઘરના ફળિયામાં સૂતા હતા ત્યારે અચાનક જ એક કદાવર દીપડો ત્રાટકયો હતો અને આ સુતેલા પ્રૌઢ ઉપર હુમલો કરી દેતા આજુબાજુમાંથી લોકો એકઠા થઈ જતાં અને હાકલા પડકારા કરતા દીપડો પ્રૌઢને ત્યાં જ છોડી અને જંગલ વિસ્તાર તરફ નાસી છૂટયો હતો. ઘવાયેલા પ્રૌઢને સારવાર માટે પ્રથમ ધારી અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ ધારી તાલુકાના ગીર કાંઠાના સોઢાપર ગામે બે દિવસ પહેલાં રાત્રીના સમયે રમેશ શંભુભાઈ મસાલીયા નામના ૫૦ વર્ષિય પ્રૌઢ પોતાના ઘરના ફળિયામાં સૂતા હતા ત્યારે અચાનક જ એક કદાવર દીપડો ત્રાટકયો હતો અને આ સુતેલા પ્રૌઢ ઉપર હુમલો કરી દેતા આજુબાજુમાંથી લોકો એકઠા થઈ જતાં અને હાકલા પડકારા કરતા દીપડો આ પ્રૌઢને ત્યાં જ છોડી દઈ અને જંગલ વિસ્તાર તરફ નાસી છૂટયો હતો.

આ બનાવમાં ઘવાયેલા પ્રૌઢને સારવાર માટે પ્રથમ ધારી અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ બનાવમાં મૃત્યુ પામેલ રમેશ શંભુભાઈ મસાલીયાને ચાર બાળકો હોય, તેમને ઉછેરવાની જવાબદારી પ્રૌઢના પત્નિ ઉપર આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલીના વાંકીયા ગામે ગઈકાલે વહેલી સવારે મુકેશભાઈ નાનુભાઈ કુકવાવા નામના ૪૦ વર્ષિય યુવક ઉપર દીપડાએ અચાનક હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગામમાં અનેક વખત દીપડા દેખાતા હોવાના કારણે ગામ લોકોમાં ભય ફેલાયો છે. વાંકીયા ગામમાં દીપડાથી લોકોને બચાવવા માટે દીપડાને પિંજરે પુરવા માટે થઈ પગલા લે તેવી લોકમાંગ પણ ઉઠી છે. ઘવાયેલા યુવકને પ્રથમ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે અને વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. આમ, અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓ ત્રાસથી વ્યાપક ફફડાટ છે.


**અમરેલીના જુના માર્કેટયાર્ડમાં**
**દુકાન વેચવાની છે...**
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ફરસાણ • ખમણ • મીઠાઈ

શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**
**85,900/-** (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૦/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

**વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ**
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી
કાર્યક્ષેત્ર ::– ધો–9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં વધે Advance Maths-Science, રીઝનિંગ English અને ની અપ ટુ ડેટ તૈયારી.
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના...
ધોરણ 8 95% ઉપર 9 મું FREE
ધોરણ 9 95% ઉપર 10 મું FREE
ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલશીપ મેળવી શકશે.
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ પક હેતુલક્ષી પ્રશ્નો ::
15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડયા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા
ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
● Smart Board ધરાવતા કલાસ..
● અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 22086

## શહેરનાં હાર્દસમા સરદાર સર્કલની લાઈટ ઘણા દિવસથી બંધ

# અમરેલીમાં બંધ સ્ટ્રીટલાઈટની સંખ્યામાં સતત વધારો

**સીનિયર સિટીઝન પાર્કની પણ અનેક લાઈટ લબુક-ઝબુક થયા કરે છે**

**પાલિકાની રોશની વિભાગમાં જોવા મળતી અનિયમિતતાની તપાસ જરૂરી**

**નગરસેવકથી લઈને નાયબ દંડક કક્ષાનાં પદાધિકારીએ દરમિયાનગીરી કરવી જરૂરી**

**શહેરીજનોમાં અપાર ધીરજ શકિત હોવાનો લાભ શાસકોએ લેવો ન જોઈએ**

અમરેલી, તા. ૧૦

અમરેલી એ જિલ્લાકક્ષાનું શહેર હોવાની સાથે ઉચ્ચ પદાધિકારીઓ અને અધિકારીઓનું નિવાસ સ્થાન તેમજ રાજયકક્ષાનાં પદાધિકારીઓ અને અધિકારીઓ અવારનવાર પધારતાં હોવા છતાં શહેરમાં છેલ્લા એક વર્ષથી રાત્રિનાં સમયે એકાદ હજાર જેટલી સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળી રહી છે.

અમરેલીનાં સરકારી અતિથિ ગૃહમાં હંમેશા મહાનુભાવો રોકાણ કરતાં હોય છે અને તે અતિથિ ગૃહની સામે જ આવેલ સરદાર સર્કલમાં આવેલ સરદાર પટેલની પ્રતિમા ઉપરની લાઈટ છેલ્લા એક અઠવાડીયાથી બંધ છે અને સર્કલમાં રાત્રિનાં સમયે શહેરીજનો આરામની પળો વિતાવતાં હોવા છતાં લાઈટનાં અભાવે તેઓ અંધારામાં બેસવા મજબુર બન્યા છે.

તદુઉપરાંત સરદાર સર્કલની સામે આવેલ સીનિયર સિટીઝન પાર્કની પણ અનેક લઈાટ લબુક-ઝબુક થઈ રહી છે. તો ચિતલ રોડ ઉપરની અર્ધો અર્ધ લાઈટ બંધ છે. શહેરમાં બંધ સ્ટ્રીટલાઈટની સમસ્યા ઘટવાને બદલે સતત વધતી હોય છે. કારણ કે અમરેલીનાં શહેરીજનોમાં અપાર ધીરજ શકિત હોવાનો ભરપુર લાભ પાલિકાનાં શાસકો લઈ રહ્યા છે.

પાલિકાની રોશની વિભાગમાં નિષ્ઠાવાન કર્મચારીઓને જવાબદારી સોંપવી જરૂરી છે. નગરસેવકોથી લઈને નાયબ દંડકે શહેરનાં રાજમાર્ગો ઉપર ચકકર લગાવીને સ્ટ્રીટલાઈટની સમસ્યા કેવી ગંભીર બની છે તેનું નિરીક્ષણ કરવાની જરૂર છે.

---

## હોસ્પિટલમાં દર્દીને નારાયણ માનવામાં આવે છે

# આસરાણા ગામની SOS હોસ્પિટલમાં મહિલાની તબીબી સારવારમાં મહત્વપુર્ણ સફળતા

**હોસ્પિટલનાં ચેરમેનનાં માર્ગદર્શનતળે સુંદર કામગીરી**



અમરેલી, તા. ૧૦

મહુવા તાલુકાના આસરાણા ગામની SOS હોસ્પિટલમાં અને અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગ્રામીણ વિસ્તારની મહિલાની તબીબી સારવારમાં એક મહત્વપૂર્ણ સફળતા નોંધાઈ છે. SOS હોસ્પિટલ, જે તેના આધુનિક તબીબી સુવિધાઓ અને સેવાભાવના માટે જાણીતી છે. ત્યાં હાલમાં બે દર્દીનારાયણની સફળ સર્જરી કરવામાં આવી છે.

સાવરકુંડલા તાલુકાની મહિલાને લાંબા સમયથી પેટમાં ગાંઠ અને ગર્ભાશય સંબંધિત તકલીફો હતી. શરીરની સ્થિતિ ખૂબ જ કોમ્પ્લિકેટેડ હોવાથી સ્થાનિક તબીબોએ તેને અન્ય મોટા શહેરોની ખાસ હોસ્પિટલમાં સારવાર માટે જવાની સલાહ આપી હતી. પરંતુ પરિવારજનો દ્વારા SOS હોસ્પિટલનો સંપર્ક કરવામાં આવ્યો અને ત્યાંના ડોકટરોએ પ્રાથમિક તપાસ બાદ યોગ્ય માર્ગદર્શન આપ્યું.

SOS હોસ્પિટલના ચેરમેન ભાવેશભાઈ ખડેપગેના માર્ગદર્શન હેઠળ ડો. મુકેશ ભૂત અને CEO ડો.પી.વી. વાઘમશીએ સંકલિત રીતે સફળ ઓપરેશન કર્યુ. ૩ કલાક સુધી ચાલેલી આ સર્જરીમાં તબીબો અને સ્ટાફની મહેનત અને પ્રતિબદ્ધતા સ્પષ્ટ દેખાઈ હતી. દર્દીની તબીયત હાલ સ્થિર છે અને તેણે તંદુરસ્ત જીવનશૈલી તરફ પહેલ કરી છે.

SOS હોસ્પિટલ માત્ર તબીબી સારવાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ દર્દીને ભગવાન સમાન માનીને સેવા કરવાની ભાવનાથી કાર્યરત છે. હોસ્પિટલમાં આધુનિક ઓપરેશન થિયેટર, અનુભવશીલ તબીબો, અને પ્રતિબદ્ધ નર્સિંગ સ્ટાફની ટીમ છે. જે દર્દીના સ્વાસ્થ્યને સૌપ્રથમ સ્થાને મૂકે છે. દર્દીનારાયણની સફળ સર્જરી એ સાબિત કરે છે કે ગ્રામ્ય વિસ્તારોમાં પણ હવે સર્વોત્તમ તબીબી સારવાર ઉપલબ્ધ થઈ રહી છે.

આ ઘટના એ વાતની સાક્ષી છે કે જો સેવા અને ટેકનોલોજીનો યોગ્ય સમન્વય થાય, તો કોઈપણ મુશ્કેલ સ્થિતિને સફળતાપૂર્વક પાર કરી શકાય છે. SOS હોસ્પિટલનો આ અભિગમ અન્ય હોસ્પિટલો માટે પણ પ્રેરણાસ્ત્રોત બની શકે છે.

CEO ડો. પી.વી. વાઘમશી જણાવ્યું કે આ SOS હોસ્પિટલમાં દર્દીને ભગવાન માની અને સેવા કરવામાં આવે છે. હોસ્પિટલમાં દર્દી અને પરિવાર સાથે પરિવાર ના સભ્યમાની સેવા કરવામાં આવે છે. હોસ્પિટલમાં તમામ સરકાર ની PMJAY યોજના નો લાભ હાલ અનેક દર્દી મેળવી રહ્યા છે. હોસ્પિટલમાં ફક્ત સેવા કરવામાં આવે છે. અને અનેક દર્દીઓ અહીંરડતા આવતા અને હસતા જતા હોસ્પિટલ ખીલી ઉઠે છે.

---

# અમરેલીનાં સુળિયાટીંબા વિસ્તારમાં જુગાર રમતી ર મહિલા સહિત ૩ ઝડપાયા

અમરેલી, તા. ૧૦

અમરેલીમાં રહેતા રાજેશભાઈ ભાખરભાઈ ચાવડા, ગીતાબેન હંસરાજભાઈ ચાવડા તથા રાજુબેન કરશનભાઈ ધાધલ સહિતના બે મહિલા ત્રણેય ઈસમો ગત તા. ૯ના રોજ રાત્રે ૧૧:૧૫ વાગ્યે અમરેલીમાં આવેલ સુળિયાટીંબા કુંકાવાવ જકાતનાકા પેટ્રોલપંપ સામે જાહેરમાં પૈસાથી હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા હોય. આ અંગે અમરેલી સીટી પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૦,૩૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

## પ્રી ખરીફ કેમ્પેઈન અંતર્ગત

# સાવરકુંડલાનાં આકોલડા, મેકડા અને શેલણા ખાતે કૃષિ રથનુ આગમન

**સાંકડે ગાળે કપાસની વાવેતરની પધ્ધતિની જાણકારી અપાઈ**



સાવરકુંડલા, તા. ૧૦

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા તારીખ ૨૯/૫/૨૫ થી ૧૨/૬/૨૫ દરમિયાન પ્રી ખરીફ કેમ્પેઈન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન માટેનો કૃષિ રથ સાવરકુંડલા તાલુકાના આકોલડા, મેકડા અને સેલના મુકામે પહોંચ્યો હતો. આ વિકસિત કૃષિ સંકલ્પ યાત્રામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષીબેન બારીયાના માર્ગદર્શન હેઠળ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક ડો વી.એસ. પરમાર દ્વારા ખેડૂતોને આધુનિક ખેતીની માહિતી તેમજ તેમના વિસ્તારને ધ્યાન રાખી સાંકડે ગાળે કપાસના વાવેતર પદ્ધતિ વિષે જાણકારી આપી હતી. આ પદ્ધતિમાં ખેડૂત મિત્રો ૯૦* ૩૦ કપાસ નું વાવેતર કરી સારૂ ઉત્પાદન મેળવી શકે છે. ગ્રામ સેવક, આત્માના પ્રતિનિધિ અને બાગાયત અધિકારી હેમાનશી દ્વારા બાગાયતની યોજનાનો પ્રચાર પ્રસાર કરવામાં આવેલ તેમજ ખેડૂતો પણ આ કાર્યક્રમમા બહોળી સંખ્યામા જોડાયા હતા.

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

---

## અરજદારોનાં કાર્યોનો નિકાલ થતો નથી

# જાફરાબાદની સિટીસર્વે કચેરીમાં કર્મચારીઓનાં અભાવે પરેશાની

**જનપ્રતિનિધિઓ યોગ્ય કરે તેવી માંગ**

જાફરાબાદ ખાતે અઠવાડિયામાં એક જ વાર સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ સપ્તાહમાં એક જ વાર આવતા હોવાથી અરજદારો હેરાન પરેશાન થઈ રહ્યા છે. અત્રે નોંધવું જરૂરી છે કે આ ઓફીસમાં અ પુરતા સ્ટાફ ને કારણે એક જ અધિકારી પાસે ૭ થી ૮ ગામનું ચાર્જ હોય અને રાજુલા તાલુકો મોટો હોય ત્યાં અઠવાડિયામાં વધારે દિવસોની કામગીરી જરૂરી હોય છે. જેથી કરીને કામગીરીમાં વીલમા થઈ નહીં પરંતુ સરકાર એ સીટી સુપ્રિટેન્ડેન્ટ જગ્યા ફાળવી જોઈએ તેમજ સ્ટાફ વધારવો જોઈએ આ બાબતે પ્રાંત અધિકારીએ ધ્યાન આપી સરકારમાં રજુઆત કરવી જરૂરી છે. જેથી કરીને નાગરિકોને અવાર નવાર મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે વર્તમાન સમયમાં સીટી સર્વે અધિકારી પાસે ૭થી ૮ ગામનો ચાર્જ હોય તેથી એક વ્યક્તિ પોચી શકે તેમ નથી રાજુલામાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. માટે આ બાબતની નાગરિકોના હિતમાં સ્ટાફ વધારવો ખુબજ જરૂરી છે. તેવી રાજુલા જાફરાબાદના નાગરિકોની ઉગ્ર માંગણી છે. આ બાબતને લોકો હિત માટે જરૂરી છે. તે અંગે તંત્ર દ્વારા સત્વરે કાર્યવાહી કરવી જરૂરી છે.

---

## જસ્મિનભાઈએ માતા-પિતા સહિત સનાળા ગામ અને જિલ્લાનું ગૌરવ વધાર્યુ

# સનાળા ગામના યુવક આર્મીની તાલીમ પૂર્ણ કરી વતન પરત આવતા સ્વાગત રેલી

**નવયુવાનને રાજસ્થાનના બિકાનેર ખાતે પોસ્ટિંગ મળ્યું**



અમરેલી, તા. ૧૦

ભારતીય આર્મી, નેવી અને એરફોર્સ ભારતનું ગૌરવ છે. દરેક ફોર્સના જવાનો સતત રાત દિવસ રાઉન્ડ ધ કલોક દેશની સરહદોની સુરક્ષા કરે છે. આજના વાઈબ્રન્ટ નવયુવાઓ અગ્નિવીર તરીકે પણ તાલીમ પ્રાપ્ત કરીને દેશની સેવામાં જોડાઈ રહ્યા છે. કુંકાવાવ તાલુકાના સનાળા ગામના વતની દિનેશભાઈ અને રીનાબેન કાલેણાના સુપુત્ર, નવયુવાન જસ્મિન કાલેણાની ભારતીય આર્મીમાં પસંદગી થતાં સમગ્ર ગામમાં હર્ષોલ્લાસનો માહોલ છે. સામાન્ય પરિવારમાંથી આવતા જસ્મિનભાઈએ કરિયર તરીકે દેશની સેવાની પસંદગી

કરી છે. જે સરાહનીય છે. ગૌરવની વાત છે. જસ્મિનભાઈએ બેંગલુઢ ખાતે પોતાની તાલીમ પ્રાપ્ત કરી છે. તાલીમ બાદ તેઓ વતન પરત ફરતાં ભગીરથ યંગ ગૃપ અને સગર સમાજ દ્વારા સ્વાગત સત્કાર સાથે શિવાજી ચોક, જેસીંગપરા-અમરેલીથી તેમના અમરેલી સ્થિત નિવાસ સ્થાન અંબિકાનગર સુધી બાઈક રેલી યોજવામાં આવી હતી. બાઈક રેલી દરમિયાન પરિવારજનો સહિત સમાજ અગ્રણીઓ સૌ કોઈ દેશભક્તિનાં રંગે રંગાયા હતા.

તાલીમ બાદ રાજસ્થાનના બિકાનેર ખાતે તેમને પોસ્ટિંગ મળ્યું છે. પોસ્ટિંગ બાદ જસ્મિનભાઈનું અમરેલી ખાતે ભવ્ય સ્વાગત સત્કાર કરવામાં આવ્યો હતો. સનાળા ગામના વડીલો, સમાજના આગેવાનો, પરિવારજનો સહિત સૌએ જસ્મિનભાઈને આર્મીમાં પસંદગી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે, Army Service Corps એ 'ભારતીય સેના સેવા કોર તરીકેની ઓળખ ધરાવે છે. આ સેવા ભારતીય સેનાની સૌથી મોટી ' વહીવટી સેવા છે. ઈસ્ટ ઈન્ડિયા કંપની શાસન સમયે વર્ષ ૧૭૬૦માં આ કોર (શાખા)ની સ્થાપના કરવામાં આવી હતી. આ શાખા આર્મી, નેવી અને એરફોર્સ ત્રણેય સૈન્ય બળોને વિવિધ પ્રકારની સહાયતામાં મદદરૂપ બને છે. એ.એસ.સીનું ધ્યેયવાકય "સેવા અસ્માકં ધર્મ:" એટલે કે, સેવા એ અમારું કર્તવ્ય છે. જસ્મિનભાઈની આર્મીમાં પસંદગી થતાં તેમના સ્વાગત સત્કાર માટે સમગ્ર જેસીંગપરા અને સગર સમાજના અગ્રણીઓ સહિત વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

---

# બાબરામાં નાગરિક સહકારી બેન્ક દ્વારા ચેરમેન હસુભાઈ પોપટના અધ્યક્ષ સ્થાને સભાસદોને વાર્ષિક ભેટનું વિતરણ કરાયુ







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરામાં નાગરિક સહકારી બેન્ક દ્વારા બેંકના સભાસદોને વાર્ષિક ભેટ વિતરણ કરવામાં આવી હતી ચેરમેન હસુભાઈ પોપટના અધ્યક્ષ સ્થાને બેન્કના સભાસદોને ડિરેકટર તેમજ મેનેજરના હસ્તે ભેટ આપવામાં આવી હતી. મેનેજર પ્રફુલભાઈ જસાણી, ડિરેકટર હરેશભાઈ આખજા, જગદીશભાઈ વાવડીયા, અતુલભાઈ ત્રિવેદી, હરેશભાઈ મેવાડા, અંકુરભાઈ જસાણી, બળુભાઈ ચાંવ, બીકેભારડીયા, હરેશભાઈ શેલિયા, ભાવેશભાઈ પોપટ, નરેશભાઈ દેસાઈ સહિતના ડિરેકટર ઉપસ્થિત રહ્યા હતા. બેંકના ચેરમેન હસુભાઈ પોપટ દ્વારા જણાવ્યું હતું કે નાગરિક સહકારી બેન્કના બોર્ડ ઓફ ડિરેકટર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે જે સભાસદોના કેવાયસી બાબરા હશે તેમને ભેટ મળવા પાત્ર રહે છે બાબરા શહેર કે તાલુકા બહારના કોઈપણ સભાસદોના કેવાયસી હશે તેમને બેન્કની ભેટ કે ડિવિડીન્ડ મળવા પાત્ર નહિ રહે બેન્ક દ્વારા અગાવ પણ દરેકને અનુરોધ કરેલ છે કે આપના કેવાયસી અપડેટ કરાવો અથવા આપનો શેર અહીં રહેતા પરિવારના સભ્યોના નામે તબદીલ કરાવી લ્યો હાલ બેન્ક દ્વારા ભેટ વિતરણમાં ૧૦૦૦ થી વધુ સભાસદો લાભ મેળવી ચુકયા છે જે રીતે કેવાયસીનું ફોર્મ સભાસદો દ્વારા બેંકમાં જમા કરાવવામાં આવશે તે રીતે ભેટ આપવામાં આવશે તેવું અંતમાં ચેરમેન દ્વારા જણાવ્યું હતું.

## થોડા દિવસો પહેલા ઘઉં અને ચોખાનો જથ્થો ઝડપી લીધા બાદ

# અંતે રેશનિંગ જથ્થાનો બારોબાર કારોબાર કરનાર વિરૂધ્ધ ફરિયાદ

### મામલતદારની ટીમે અલગ-અલગ ૩ સ્થળોએ દરોડા પાડી ૨૦.૪૩ લાખનો મુદ્દામાલ સીઝ કરેલ

અમરેલી, તા. ૧૦

ખાંભા પંથકમાં સરકાર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવામાં આવતાં ઘઉં તથા ચોખાનો જથ્થો ગેરકાયદેસર રીતે ખરીદ કરી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના ઘંઉ તથા ચોખાનો બારોબાર કાળો કારોબાર ચાલતો હોય તેમ થોડા સમય પહેલાં ખાંભા મામલતદાર દ્વારા ત્રણ સ્થળોએ અલગ અલગ દરોડા પાડી રૂપિયા ૨૦.૪૩ લાખનો મુદામાલ ઝડપી પાડી સીઝ કરેલ હતો. આ બનાવ અંગે હાલના મામલતદાર દ્વારા ત્રણ અલગ અલગ પોલીસ ફરિયાદ નોંધાવેલ છે.

ગત તા. ૨૬/૭/૨૪ના રોજ ૨:૩૦ વાગ્યા દરમ્યાન તત્કાલીન મામલતદાર દ્વારા ખાંભા ગામે આવેલ રાજધાની હોટલ પાસે બંધ પડેલ બ્લોકના કારખાનામાં દરોડો કરી ઘંઉ ૫૪૩ કિલ્લો કિંમત રૂપિયા ૧૪૧૧૮ તથા ચોખા ૫૯૮૬ કિલ્લો કિંમત રૂપિયા ૨,૩૩,૪૫૪નો આવશ્યક ચીજવસ્તુનાં જથ્થા સાથે ટ્રક નં. જી.જે.-૦૩ એટી-૧૬૮૬ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦ તથા રીક્ષા નં. જી.જે.-૧૧ટી-૬૬૬૭ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ તથા બીજી રીક્ષા નં. જી.જે.-૧૧ ટીટી-૪૯૭૭ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ તથા વજન કાટો નંગ-૧ કિંમત રૂપિયા ૨૦૦૦ મળી કુલ રૂપિયા ૧૦,૦૯,૫૭૨નો મુદામાલ સીઝ કરેલ હતો.

### જુનાગઢ જિલ્લાનાં વિસાવદર ગામનાં ૫ ઈસમો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી

જે મુદામાલનાં ઘઉં, ચોખા ત્હો. એ સરકારના જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવામાં આવતાં ઘઉં તથા ચોખાનો જથ્થો ગેરકાયદેસર રીતે ખરીદ કરેલ તથા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના ઘંઉ તથા ચોખાના વિતરણ કરવા માટે જુનાગઢ જિલ્લાના વિસાવદર ગામે રહેતા આરોપી યુસુફ ઉર્ફે ફેઝલ હનીફશા શાહમદાર, કાળુભાઈ ઓસમાણભાઈ મોદી તથા સાહીદ સીરાજભાઈ બારજીયા પાસે કોઈ પરવાનો કે અધિકાર પત્ર ધરાવતા ના હોવા છતાં ગેરકાયદેસર રીતે વિતરણ વ્યાવસ્થાના ઘઉં તથા ચોખાનો જથ્થો મેળવેલ હોય તથા સમાજના નબળા/ગરીબ વર્ગના લોકોને રેશનકાર્ડ ઉપર વિતરણ કરવામાં આવતા સબસીડીયુકત ઘઉં તથા ચોખાનો જથ્થો મેળવી જાહેર વિતરણ વ્યવસ્થાને બાધકરૂપ પ્રવૃત્તિ આચરેલ હોય. આ અંગે હાલના ઈન્ચાર્જ મામલતદારે ત્રણેય આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

બીજા બનાવમાં ગત તા. ૨૮/૧૦/૨૨ ના રોજ તત્કાલીન મામલતદાર દ્વારા ખાંભા તાલુકાના નવા માલાકનેસ ગામે નવરંગ ચોક વિસ્તારમાં દરોડો પાડી અને જુનાગઢ જિલ્લાના વિસાવદર ગામે રહેતા ઈકબાલભાઈ ગફારભાઈ ચોટલીયા નામના આરોપીને તેમના હવાલાના સી.એન.જી. મારૂતી કેરી નંબર વિનાના કિંમત રૂપિયા ૬,૦૫,૦૦૦ના વાહનમાં ઘંઉ ૧૩.૯૨૦ કી.ગ્રા. કિંમત રૂપિયા ૩૭૫.૮૪, ચોખા ૫૬૯.૨૦૦ કી.ગ્રા. કિંમત રૂપિયા ૧૫,૯૩૭.૬૦ તથા વજન કાટો નંગ-૧ કિંમત રૂપિયા ૨૫૦૦ મળી કુલ રૂપિયા ૬,૨૩,૮૧૩.૪૪નો મુદામાલ સીઝ કરેલ હોય. જેમાં ઘઉં, ચોખા ત્હો. એ સરકારના જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવામાં આવતાં ઘઉં, ચોખાનો જથ્થો ગેર કાયદે રીતે ખરીદ કરેલ તથા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઘઉં તથા ચોખાના વિતરણ કરવા આરોપી પાસે કોઈ પરવાનો કે અધિકાર પત્ર ધરાવતા નથી. સમાજના નબળા અને ગરીબ વર્ગના લોકોને રેશનકાર્ડ ઉપર વિતરણ કરવામા આવતા સબસીડીયુકત ઘઉં તથા ચોખાનો જથ્થો ગેરકાયદે મેળવી જાહેર વિતરણ વ્યવસ્થાને

### એકી સાથે ૩-૩ પોલીસ ફરિયાદ નોંધાતા અનાજનાં કાળાબજાર કરનારાઓમાં ફેલાયો ફફડાટ

બાધકરૂપ પ્રવૃત્તિ આચરેલ હોય. આ અંગે હાલના ઈન્ચાર્જ મામલતદારે આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ત્રીજા બનાવમાં ગત તા. ૨૬/૭/૨૪ના રોજ ૩:૪૫ વાગ્યે ખાંભા તાલુકાના ડેડાણ ગામે મફતપરા વિસ્તારમાં રહેતા આરોપી આફઝલભાઈ આદમભાઈ સેલોતના રહેણાંક મકાને તત્કાલીન મામલતદાર દ્વારા દરોડો પાડી રેઈડ દરમ્યાન ઘંઉ ૫૪૩ કિલ્લો કિંમત રૂપિયા ૧૪,૧૧૮ તથા ચોખા ૫૯૮૬ કિલ્લો કિંમત રૂપિયા ૨,૩૩,૪૫૪નો આવશ્યક ચીજવસ્તુનાં

### સમગ્ર જિલ્લામાં સ્પેશ્યલ ડ્રાઈવ કરવામાં આવે તો અનેક ઈસમો ઝડપાવવાની સંભાવના

જથ્થા સાથે ટ્રક નં. જી.જે.-૦૩ એટી-૧૬૮૬ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦, રીક્ષા નં. જી.જે.-૧૧ ટી-૬૬૬૭ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ તથા બીજી રીક્ષા નં. જી.જે.-૧૧ ટીટી-૪૯૭૭ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ તથા વજન કાટો નંગ-૧ કિંમત રૂપિયા ૨૦૦૦ મળી કુલ રૂપિયા ૧૦,૦૯,૫૭૨ નો મુદામાલ સીઝ કરેલ હતો. જે મુદામાલનાં ઘઉં, ચોખા ત્હો. એ સરકાર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવામાં આવતાં ઘઉં, ચોખાનો જથ્થો આરોપીએ ગેરકાયદેસર રીતે ખરીદ કરેલ તથા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઘઉં તથા ચોખાના વિતરણ કરવા આરોપી પાસે કોઈ પરવાનો કે અધિકાર પત્ર ધરાવતા ના હોય, સમાજના નબળા અને ગરીબ વર્ગના લોકોને રેશનકાર્ડ ઉપર વિતરણ કરવામા આવતા સબસીડીયુકત ઘઉં તથા ચોખાનો જથ્થો ગેરકાયદેસર મેળવી જાહેર વિતરણ વ્યવસ્થાને બાધકરૂપ પ્રવૃત્તિ આચરેલ હોય. આ બનાવમાં હાલના ઈન્ચાર્જ મામલતદાર રાજેશકુમાર એ. પરમારે આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## પાણી અને ગેસની લાઈન લગાવાયા બાદ

# સાવરકુંડલાની કંડોળિયા શેરીનાં ઉબડ ખાબડ માર્ગોની પરેશાની દુર કરાતા હાશકારો

### પાલિકાનાં શાસકોની કામગીરીથી સ્થાનિકો ખુશ



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા શહેરમાં આવેલ કંડોળિયા શેરીમાં ગટર ઉભરાવાની ફરિયાદ અહીંના સ્થાનિકો દ્વારા નગરપાલિકાને ફોન દ્વારા કરવામાં આવતાં નગરપાલિકા દ્વારા તુરંત ગટરની સફાઈ કરવામાં આવેલ તેમજ ગટરની કુંડીને થોડી ઉપર લઈને ગટર ઉભરાવાની સમસ્યા ઓછી બને તેવા તંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવેલ.

આ ઉપરાંત આ શેરીમાં ઘણા સમયથી રસ્તા ખૂબ જ ઉબડ ખાબડ હતા કારણ કે અહીંથી ભૂગર્ભ પાણીની લાઈન તથા ભૂગર્ભ ગેસ લાઈન નંખાતા થયેલ ખોદકામ દરમિયાન આ શેરીના રસ્તા ઉબડ ખાબડ થયેલ. આ સંદર્ભે આ વિસ્તારના રહીશોએ તે સમયે નગરપાલિકા તંત્રને લેખિત ફરિયાદ પણ કરેલી. પણ પરિસ્થિતિ જૈસે થે હતી ત્યાર બાદ અહીંના રહેવાસીઓએ આ તકલીફની વ્યથા શરદભાઈ પંડયાને જણાવતાં તેમણે આ બાબતે નગરપાલિકા ચેરમેનને આ શેરીની પરિસ્થિતિ વિશે જાણ કરતાં ચેરમેન અશોકભાઈ સાથે આવી સ્થળ તપાસ હાથ ધરી અને એ સંદર્ભે બધી ધૂળ તેમજ ઉબડ ખાબડ રસ્તા ઉપર બુલડોજર ચલાવી ધૂળના ઢગલા, રેતી કચરો ઉપડાવી લેતાં કંડોળિયા શેરીના લોકોને જાહેર આવાગમન માટે થોડી રાહત જણાતાં સ્થાનિકો દ્વારા સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ, ચેરમેન તેમજ નગરપાલિકા સ્ટાફનો આભાર વ્યકત કરવામાં આવ્યો. આમ કંડોળિયા શેરીના રહીશોને પોતાના પ્રશ્નનું આંશિક નિરાકરણ થતાં આ વિસ્તારના રહીશોએ આંશિક રાહત અનુભવી.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

# અમરાપુર વરૂડી પંચાયત સદસ્યની ચૂંટણીમાં દેવસિંહ રાણવા બિનહરીફ



અમરેલી, તા. ૧૦

વરૂડીના સેવાભાવી ગ્રામ પંચાયતના સભ્ય, સ્વ. ધારાસભ્ય મગનભાઈ રાણવાના સુપુત્ર સ્વ.પિયુષભાઈ રાણવાના પુત્ર દિવ્યકાંત વોર્ડ નં. ૬ની પેટા ચૂંટણીમાં બિનહરીફ થયા છે. સ્વ.પિયુષભાઈની લોકચાહના તેમના મોટાભાઈ શાંતિભાઈ રાણવાની લોકલાગણીના કારણે આ સીટ બિનહરીફ થઈ છે. સ્વ.પિયુષભાઈની સેવા, સ્વભાવને શ્રધાંજલિ રૂપે આ બેઠક બિનહરીફ કરવી છે. તેથી બિનહરીફ ચૂંટાયેલા સભ્ય દિવ્યકાંતભાઈએ તમામ ગ્રામજનોનો આભાર માન્યો છે તેમ શાંતિભાઈ રાણવાની યાદી જણાવે છે.

## ધો. ૧૦ અને ધો. ૧૨ નાં પરીક્ષાર્થીઓ માટે

# અમરેલી જિલ્લામાં ૨૩ જુન થી ૩ જુલાઈ સુધી પુરક પરીક્ષા યોજાશે

### જિલ્લા કલેક્ટરનાં અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

અમરેલી, તા. ૧૦

તા. ૨૩ જૂન, ૨૦૨૫ થી તા. ૩ જુલાઈ, ૨૦૨૫ દરમિયાન ધો.૧૦ અને ધો.૧૨ પૂરક પરીક્ષા યોજાશે, તેના આયોજન અર્થે અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી.

અમરેલી શહેરની પારેખ અને મહેતા વિદ્યાલય (લીલાવંતી), ગાંધી મ્યુનિ. ગર્લ્સ હાઈસ્કુલ, અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ, સેંટ મેરી, વિરાણી ગર્લ્સ હાઈસ્કુલ (યુનિટ-૦૧ અને યુનિટ-૦૨), સરસ્વતી માધ્યમિક વિદ્યામંદિર, વિશેષ વિદ્યાપીઠ, ઓકસફોર્ડ હાઈસ્કુલ (યુનિટ-૦૧ અને યુનિટ-૦૨), ઝાલાવડિયા હાઈસ્કુલ, પાઠક હાઈસ્કુલ સહિતના સ્થળોએ



પરીક્ષા યોજાશે. આ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવીની સુવિધા રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલે પૂરક પરીક્ષાલક્ષી વિગત આપતા જણાવ્યુ કે, તા.૨૩ જૂનથી તા.૧ જુલાઈ સવારે ૧૦ થી બપોરે ૧.૧૫ વાગ્યા દરમિયાન ૧૨ બિલ્ડિંગના ૧૧૬ બ્લોકસમાં ધો.૧૦ની પરીક્ષા છે, આશરે ૩,૪૮૦ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે.

તા.૨૩ જૂનથી તા.૩ જુલાઈ સવારે ૧૦.૩૦થી બપોરે ૧.૪૫ વાગ્યા દરમિયાન ૦૨ બિલ્ડિંગના ૨૦ બ્લોકસમાં ધો.૧૨ (સામાન્ય પ્રવાહ) છે. આશરે ૬૦૦ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે.

જૂન-૨૦૨૫ની તા.૨૩ થી તા.૩૦ બપોરે ૩ થી સાંજે ૬:૩૦ વાગ્યા દરમિયાન ૦૩ બિલ્ડિંગના ૩૦ બ્લોકસમાં ધો.૧૨ (વિજ્ઞાનપ્રવાહ)ની પરીક્ષા છે. આશરે ૯૦૦ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે.

જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ આ બેઠકમાં, મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય, જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, શિક્ષણ, એસ.ટી, આરોગ્ય સહિત વિવિધ કચેરીઓના અધિકારી-કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




શું આપના કેમેરા, નોટ કાઉન્ટીંગ મશીન, અથવા કોઈપણ ઈલેક્ટ્રોનિક આઈટમ ખરાબ છે ?
CCTV કેમેરા, NVR,DVR વાયરલેસ સિક્યુરીટી સિસ્ટમ
ટેલીફોન, કોર્ડલેસ ફોન » Wi-Fi મોડેમ
EPABX » નોટ કાઉન્ટીંગ મશીન
L.E.D. T.V. (24"થી 85") » પ્રોજેક્ટર, અને ઘણું બધું...
હવે દરેક વસ્તુઓ હોલસેલ ભાવે મેળવો...
ફકત એક ફોન કરો અને તમારી દરેક સમસ્યાઓનું સમાધાન મેળવો..
Total Solution of Tele Comunication & Video Surveillance...
કમલેશ ટાંક - 9825176163
પ્રિસીસન ટેલીકોમ
BS-૫, બીજા માળ, હરીરામ હોલસેલ માર્કેટ, હોટલ લોર્ડસ એન્જાની સામે, જુનું માર્કેટીંગ યાર્ડ, અમરેલી




ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫






### અમેરિકાના હસ્તક્ષેપને લઈને કર્યો ચોંકાવનારો દાવો

# આતંકવાદીઓ વધવા માટે અમેરિકા જ જવાબદાર પાકિસ્તાને ટ્રમ્પ પર જ ઢોળ્યો દોષનો ટોપલો

**પોતાના નિવેદનમાં તેમણે અફઘાનિસ્તાનને લઈને અમેરિકાના એ નિર્ણય તરફ ઈશારો કર્યો, જે ૨૦૨૦માં ડોનાલ્ડ ટ્રમ્પે લાગુ કર્યો હતો**

નવીદિલ્હી,તા.૧૦

ઓપરેશન સિંદૂર બાદ અમેરિકામાં પોતાના દેશનો પક્ષ મૂકવા પહોંચેલા પાકિસ્તાની પીપુલ્સ પાર્ટીના નેતા બિલાવલ ભુટ્ટોએ અમેરિકન નીતિ પર જ સવાલ ઊભા કર્યા છે. તેમણે કહ્યું કે, 'પાકિસ્તાનમાં આતંકવાદની ઘટનામાં વધારા માટે અમેરિકા જવાબદાર છે. પોતાના નિવેદનમાં તેમણે અફઘાનિસ્તાનને લઈને અમેરિકાના એ નિર્ણય તરફ ઈશારો કર્યો, જે ૨૦૨૦માં ડોનાલ્ડ ટ્રમ્પે લાગુ કર્યો હતો.

બિલાવલ ભૂટ્ટોએ કહ્યું કે, 'જે પ્રકારે અમેરિકા અફઘાનિસ્તાનમાંથી ઉતાવળમાં બહાર નીકળ્યું, તે દરમિયાન અનેક સંવેદનશીલ હથિયાર અફઘાનિસ્તાનમાં છૂટી ગયા હતા. તેમનો દાવો છે કે, આ હથિયાર હવે આતંકી સમૂહોના હાથે લાગી ગયા અને આંતકીઓ આ હથિયારનો ઉપયોગ પાકિસ્તાન સામે કરી રહ્યા છે. જેનાથી પાકિસ્તાનને ઘણું નુકસાન વેઠવું પડી રહ્યું છે.'

પહલગામ આતંકી હુમલા બાદ ભારતની જવાબી કાર્યવાહીમાં શરૂ થયેલા ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને અમેરિકાના હસ્તક્ષેપને લઈને મોટા દાવા કર્યા છે. પરંતુ, બિલાવલ ભુટ્ટો હવે દક્ષિણ એશિયામાં અમેરિકાની નીતિ પર સવાલ ઊભા કરે છે. તેમણે કહ્યું કે, 'અમે આતંકવાદ વિશે વાત કરીએ છીએ, અમે અફઘાનિસ્તાન વિશે વાત કરીએ છીએ, અમે અન્ય વસ્તુઓ વિશે વાત કરીએ છીએ. આ વિષય પર અમે પોતાના સંબંધોને છેલ્લાં થોડા દાયકાઓમાં ચર્ચા કરી. આ એવા મુદ્દા છે જે સંયુક્ત રાજ્ય અમેરિકા સાથે પાકિસ્તાનના સંબંધો પર ભારે પડે છે.' PPP અધ્યક્ષે આતંકવાદનો મુકાબલો કરવા માટે વધુ ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય સહયોગ પર ભાર મૂક્યો. પરંતુ, પોતાની આદત અનુસાર બિલાવલે આ મુદ્દાને ન ઉઠાવ્યો કે, આ આખાય વિસ્તારમાં આતંકવાદને પોસવામાં કોનો ભાગ છે? બિલાવલે પાડોશમાં ઈસ્લામી આતંકવાદને વધારવા માટે પાકિસ્તાનની ભૂમિકાને સ્વીકાર નથી કરી.

બિલાવલને એ વાત યાદ રહી કે, અફઘાનિસ્તાનમાં રહી ગયેલા અમેરિકાના હથિયાર પાકિસ્તાનાં કેવી રીતે જોવા મળે છે. પરંતુ, તેમણે એ મુદ્દે કંઈ ન કહ્યું કે, કેવી રીતે એક સમયે પાકિસ્તાને અમેરિકન ડૉલરની લાલચમાં અફઘાન મુજાહિદ્દીનને મદદ કરી હતી. બિલાવલે કહ્યું કે, 'અમને કાબુલથી અમેરિકન સેનાઓથી નીકળ્યા બાદ વધેલા આતંકવાદનો સામનો કરવા માટે ક્ષેત્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર વધુ સહયોગની જરૂર છે. જ્યાં સુધી હથિયારોનો સવાલ છે, તમને એ સાંભળીને આશ્ચર્ય થશે કે ક્યારેક જ્યારે આપણે પાકિસ્તાની પ્રદેશમાં આ આતંકવાદી જૂથો સામે લડી રહ્યા છીએ,ત્યારે આતંકવાદીઓ પાસેથી મળેલા શસ્ત્રો, જે તેમણે અફઘાનિસ્તાનમાં બાકી રહેલા કાળા બજારમાંથી ખરીદ્યા છે, તે જે પોલીસકર્મી તેમની સામે લડી રહ્યા છે, તેમની પાસે રહેલા હથિયારો કરતા પણ એડવાન્સ હોય છે.'જોકે અફઘાનિસ્તાને હજુ સુધી બિલાવલના નિવેદન પર કોઈ પ્રતિક્રિયા આપી નથી, પરંતુ ભૂતકાળમાં અફઘાનિસ્તાને ઈસ્લામાબાદના ઉશ્કેરણીજનક નિવેદનો સામે ચેતવણી આપી અને કહ્યું હતું કે, આ નિવેદનો કમજોર દ્વિપક્ષીય સંબંધોમાં અસ્થિરતા પેદા કરી શકે છે.રાજકીય વિશ્લેષક મોહમ્મદ ઝાલમઈ અફઘાન યારે ઈસ્લામાબાદના આ સૂરની ટીકા કરી છે.

તેમણે કહ્યું, "પાકિસ્તાન આ ક્ષેત્રના દેશોને ધમકી આપી રહ્યું છે. અફઘાન સરકારે અર્થતંત્ર પર કેન્દ્રિત નીતિની જાહેરાત કરી છે. શું પાકિસ્તાન અફઘાનિસ્તાનને પણ આ જ સંદેશ આપી શકે છે? શું પાકિસ્તાન તેની આર્થિક સોદાબાજી છોડી શકે છે અને અફઘાન સરકાર માટે વધુ સમસ્યાઓ ઊભી કરવામાં અમેરિકા સાથે સહયોગ કરવાનું ટાળી શકે છે?"આ તીખી ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે કાબુલ અને ઈસ્લામાબાદે તાજેતરમાં જ તેમના રાજદ્વારી સંબંધોને અપગ્રેડ કર્યા છે અને મહિનાઓના તણાવ પછી તેમના રાજદૂતોને ચાર્જ ડી'અફેર્સથી પૂર્ણ રાજદૂત બનાવ્યા છે.

જણાવી દઈએ કે અમેરિકાએ ઓગસ્ટ ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાંથી તેના સૈનિકો પાછા ખેંચવાનું પૂર્ણ કર્યું હતું, જે ઉતાવળમાં કરવામાં આવ્યું હતું અને આખી પ્રક્રિયા વિવાદાસ્પદ હતી.

ટ્રમ્પ વહીવટીતંત્રે ફેબ્રુઆરી ૨૦૨૦માં તાલિબાન સાથે દોહા કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં મે ૨૦૨૧ સુધીમાં પાછા ખેંચવાનું વચન આપવામાં આવ્યું હતું, સામે તાલિબાનને આતંકવાદીઓને શરણ ન આપવાની શરત મૂકવામાં આવી હતી.બાઈડેન વહીવટીતંત્રે તેને સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી લંબાવ્યું હતું. તાલિબાને ઝડપથી કાબુલ પર કબજો કર્યો, જેના કારણે અફઘાન સરકાર અને સેનાનું પતન થયું. કાબુલ એરપોર્ટ પર ખાલી કરાવવા દરમિયાન થયેલી નાસભાગની તસવીરો આખી દુનિયાએ જોઈ. ૨૬ ઓગસ્ટના રોજ, એક આત્મઘાતી હુમલામાં ૧૩ અમેરિકન સૈનિકો અને ૧૭૦ થી વધુ અફઘાન નાગરિકો માર્યા ગયા હતા.વાપસી દરમિયાન, અમેરિકાએ ૨૦ વર્ષમાં અફઘાન સેનાને આપવામાં આવેલા ૮૯ બિલિયન ડોલરના લશ્કરી સાધનોનો મોટો ભાગ છોડી દીધો હતો. તાલિબાને અફઘાન સેના પાસેથી લગભગ ૬૫૦,૦૦૦ શસ્ત્રો કબજે કર્યા, જેમાં ૩૫૦,૦૦૦ M4/M૧૬ રાઈફલ્સ, ૬૫,૦૦૦ મશીનગન અને ૨૫,૦૦૦ ગ્રેનેડ લોન્ચરનો સમાવેશ થાય છે. સંસાધનો અને પૈસા માટે સંઘર્ષ કરી રહેલા તાલિબાન કમાન્ડરોએ આ શસ્ત્રો કાળા બજારમાં આતંકવાદીઓને વેચી દીધા. આ શસ્ત્રોનો ઉપયોગ તાલિબાન અને અન્ય આતંકવાદી જૂથો, જેમ કે TTP, ISIS, દ્વારા પ્રાદેશિક હુમલાઓમાં કરવામાં આવતો હતો. આનાથી સમગ્ર પ્રદેશમાં સમસ્યાઓ ઊભી થઈ

### કેલિફોર્નિયાના રસ્તાઓ પર ૭૦૦ મરીન તૈનાત

# રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને કેલિફોર્નિયા વચ્ચે તણાવ વધુ વધ્યો

**કેલિફોર્નિયાએ ફેડરલ તૈનાત પર ટ્રમ્પ વહીવટીતંત્ર પર દાવો કરવાની તૈયારી કરી**

યુએસ ,તા.૧૦

સોમવારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને કેલિફોર્નિયા વચ્ચે તણાવ વધુ વધ્યો, જ્યારે પેન્ટાગોને ચાલુ ઈમિગ્રેશન વિરોધનો જવાબ આપતા નેશનલ ગાર્ડ સૈનિકોને મદદ કરવા માટે લોસ એન્જલસ શહેરમાં લગભગ ૭૦૦ સૈનિકો તૈનાત કર્યા. દરમિયાન, કેલિફોર્નિયાએ ફેડરલ તૈનાત પર ટ્રમ્પ વહીવટીતંત્ર પર દાવો કરવાની તૈયારી કરી, જ્યારે શહેરમાં સતત ચોથા દિવસે વિરોધ ચાલુ રહ્યો.યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર, 'નેશનલ ગાર્ડ'ના કર્મચારીઓ લોસ એન્જલસમાં પહોંચવાનું શરૂ કરી દીધું છે જેથી આ વિસ્તારમાં દેશનિકાલ ઝુંબેશ ચલાવતા ફેડરલ ઈમિગ્રેશન અધિકારીઓ સામે તાજેતરના વિરોધને અટકાવી શકાય.કેલિફોર્નિયા નેશનલ ગાર્ડના સભ્યો રવિવારે લોસ એન્જલસના ફેડરલ સંકુલમાં પ્રવેશતા જોવા મળ્યા, જેમાં મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરનો પણ સમાવેશ થાય છે, જ્યાં છેલ્લા બે દિવસમાં અથડામણો થઈ છે.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ૧૨ આફ્રિકન અને પશ્ચિમ એશિયાઈ દેશોના નાગરિકો દ્વારા યુએસ મુસાફરી પર લાદવામાં આવેલા નવા પ્રતિબંધો સોમવારથી અમલમાં આવ્યા. બુધવારે રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષર કરાયેલા નવા આદેશમાં સાત વધારાના દેશોના લોકો પર પણ નવા મુસાફરી પ્રતિબંધો લાદવામાં આવ્યા છે જેઓ અમેરિકાની બહાર છે અને જેમની પાસે માન્ય વિઝા નથી.નવા પ્રતિબંધમાં પહેલાથી જારી કરાયેલા વિઝા રદ કરવામાં આવ્યા નથી. જે દેશોમાં આ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે તેમાં અફઘાનિસ્તાન, મ્યાનમાર, ચાડ, કોંગો રિપબ્લિક, ઈક્વેટોરિયલ ગિની, એરિટ્રિયા, હેતી, ઈરાન, લિબિયા, સોમાલિયા, સુદાન અને યમનનો સમાવેશ થાય છે. નવા વિઝા પ્રતિબંધો બુરુન્ડી, ક્યુબા, લાઓસ, સિએરા લિયોન, ટોગો, તુર્કમેનિસ્તાન અને વેનેઝુએલાના નાગરિકોને લાગુ પડશે.સતત બીજા દિવસે રમખાણો વિરોધી ગિયર પહેરેલા સેંકડો વિરોધીઓ અને ફેડરલ ઈમિગ્રેશન અધિકારીઓ વચ્ચે અથડામણ થયા બાદ કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યુસોમે ટ્રમ્પ વહીવટીતંત્રના આ પગલાનો વિરોધ કરતા એક નિવેદન જારી કર્યું છે.લોસ એન્જલસના દક્ષિણમાં લેટિનો પ્રભુત્વ ધરાવતા શહેર પેરામાઉન્ટમાં 'હોમ ડેપો' ને અડીને આવેલા ગૃહ વિભાગના કાર્યાલયની સામે શનિવારે અથડામણ થઈ હતી. ફેડરલ સુરક્ષા કર્મચારીઓએ વિરોધીઓને કાબૂમાં લેવા માટે ટીયર ગેસ, ફ્લેશ-બેંગ વિસ્ફોટકો અને ઈમ્પેક્ટ શેલ છોડ્યા હતા, જ્યારે જવાબમાં વિરોધીઓએ બોર્ડર પેટ્રોલ વાહનો પર પથ્થરમારો પણ કર્યો હતો અને કચરો બાળીને રસ્તાઓ અવરોધ્યા હતા.શુક્રવારે ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા દરોડા પછી આ વિસ્તારમાં તણાવ વધી ગયો છે. દરોડામાં લોસ એન્જલસના ફેશન ડિસ્ટ્રિક્ટ અને હોમ ડેપોમાં દરોડા પણ શામેલ હતા. એક અઠવાડિયા દરમિયાન શહેરમાં ધરપકડ કરાયેલા ઈમિગ્રન્ટ્સની સંખ્યા ૧૦૦ થી વધુ થઈ ગઈ છે.વિરોધ પ્રદર્શન દરમિયાન એક અગ્રણી યુનિયન નેતાની ધરપકડ કરવામાં આવી હતી અને કાયદાના અમલીકરણમાં અવરોધ ઊભો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. વ્હાઈટ હાઉસે જાહેરાત કરી હતી કે ટ્રમ્પ 'અરાજકતાને ખીલવા દેવા'નો સામનો કરવા માટે ગાર્ડ તૈનાત કરશે.ડેમોક્રેટ ગવર્નર ન્યુસોમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે આ 'ઈરાદાપૂર્વક ઉશ્કેરણીજનક પગલું છે અને તે ફક્ત તણાવ વધારશે'. ગવર્નરે પાછળથી કહ્યું હતું કે ફેડરલ સરકાર તમાશો બનાવવા માંગે છે. તેમણે લોકોને હિંસક પગલાં ટાળવા વિનંતી કરી હતી.યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે આ મામલે ફેડરલ સરકારના આક્રમક વલણને દર્શાવતા સૈન્ય તૈનાત કરવાની ચેતવણી આપી હતી. તેમણે 'ઠ' પર લખ્યું હતું કે, 'જો હિંસા ચાલુ રહેશે, તો કેમ્પ પેન્ડલટનમાં સક્રિય મરીન પણ તૈનાત કરવામાં આવશે – તેઓ ઉચ્ચ ચેતવણી પર છે.'

### પાકિસ્તાનના 'મિત્ર' તૂર્કિયેને ઘેરવાની તૈયારી

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સાયપ્રસની મુલાકાત લેશે

**૨૦૦૨માં અટલ બિહારી વાજપેયી અને ૧૯૮૩માં ઇન્દિરા ગાંધી પછી સાયપ્રસની આ પહેલી ભારતીય વડાપ્રધાનની મુલાકાત હશે**

સાયપ્રસ,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સાયપ્રસની મુલાકાત લેશે. તેઓ આવું કરનારા દેશના ત્રીજા વડાપ્રધાન હશે. સાયપ્રસ બાદ પીએમ મોદી G૭ સમિટ માટે કેનેડાની મુલાકાત લેશે. એ પછી સ્વદેશ પરત ફરતી વખતે તેઓ ક્રોએશિયાની પણ મુલાકાત લેશે. ભારત યુરોપમાં તેની ભૂમિકા વધારવા માંગે છે અને આ તેમના પ્રવાસ કાર્યક્રમોમાં પણ જોવા મળી રહ્યું છે. સાયપ્રસ અને ક્રોએશિયા બંને યુરોપિયન યુનિયન(EU)ના સભ્યો છે. સાયપ્રસ આવતા વર્ષના પ્રથમ છ મહિના માટે યુરોપિયન યુનિયન કાઉન્સિલની અધ્યક્ષતા પણ કરશે. અગાઉ, પીએમ મોદી ગયા મહિને ક્રોએશિયાની મુલાકાત લેવાના હતા. આ સાથે તેઓ નેધરલેન્ડ અને નોર્વેની પણ મુલાકાત લેવાના હતા. પરંતુ ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને કારણે આ મુલાકાત રદ કરવામાં આવી હતી.

G૭ સમિટ આગામી તા. ૧૫થી ૧૭ જૂન દરમિયાન કેનેડાના આલ્બર્ટામાં યોજાનાર છે. વડાપ્રધાન તેના છેલ્લા દિવસે એક ખાસ સત્રમાં ભાગ લેશે. કેનેડા તરફથી અચાનક આમંત્રણ મળતાં વડાપ્રધાનનો સંપૂર્ણ કાર્યક્રમ હજુ નક્કી થયો નથી. પરંતુ, સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે દ્વિપક્ષીય બેઠકો યોજવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પરંતુ, આ પહેલાં સાયપ્રસની તેમની મુલાકાત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ૨૦૦૨માં અટલ બિહારી વાજપેયી અને ૧૯૮૩માં ઈન્દિરા ગાંધી પછી સાયપ્રસની આ પહેલી ભારતીય વડાપ્રધાનની મુલાકાત હશે.

જમ્મુ-કાશ્મીરના પહલગામ આતંકવાદી હુમલાથી લઈને ઓપરેશન સિંદૂર સુધી તૂર્કિયે જે રીતે પાકિસ્તાનના આતંકવાદને ટેકો આપ્યો છે, જેના કારણે ભારત સાથે તણાવ વધ્યો છે. તૂર્કિયેના રાષ્ટ્રપતિ રેસેપ એર્દોગન પણ પાકિસ્તાન સાથે એકતા દર્શાવી છે. આવી સ્થિતિમાં પીએમ મોદીની સાયપ્રસની મુલાકાત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

હકીકતમાં તૂર્કિયે ઉત્તરી સાયપ્રસને 'ઉત્તરી સાયપ્રસનું તૂર્કિયે પ્રજાસત્તાક' તરીકે માન્યતા આપી છે. આ વિસ્તાર પર ૧૯૭૪માં તૂર્કિયે સેનાએ બળજબરીથી કબજો કર્યો હતો. પૂર્વી ભૂમધ્ય સમુદ્રમાં ગેસ શોધવાના અધિકારો અંગે પણ તૂર્કિયે અને સાયપ્રસ વચ્ચે વિવાદ થયો છે.

ભારત હંમેશા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) અને આંતરરાષ્ટ્રીય કાયદાના ઠરાવો દ્વારા સાયપ્રસ સમસ્યાનો ઉકેલ ઈચ્છતું રહ્યું છે. પરંતુ નવાઈની વાત એ છે કે, તેમ છતાં પણ તૂર્કિયે પાકિસ્તાનની સાથે ઊભું છે. તેથી, ભારત સાયપ્રસ અને ગ્રીસ સાથે તેના સંબંધો મજબૂત કરી રહ્યું છે. ભારત સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રમાં સહયોગ વધારી રહ્યું છે. પીએમ મોદી ૪૦ વર્ષમાં ગ્રીસની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા છે. તેમણે ૨૦૨૩માં એથેન્સની મુલાકાત લીધી.

### પાકિસ્તાન પર દેવાનો બોજ વધી રહ્યો છે

# પાકિસ્તાન પર દેવાનો બોજ વધીને ૭૬૦૦૦ અબજ પાકિસ્તાની રૂપિયા થયો

**લાંબા સમયથી આર્થિક સંકટ સામે ઝઝૂમી રહેલા પાકિસ્તાનની સ્થિતિ બધી બાહ્ય મદદ પછી પણ એવી જ છે**

પાકિસ્તાન,તા.૧૦

પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ, વિશ્વ બેંક, ADB પાસેથી ચીનને લોન લઈને ધમકીઓ આપતું રહે છે, પરંતુ તેની સ્થિતિ ખરાબ રહે છે. પાકિસ્તાન દેવાના તાજેતરના ડેટા જોઈને આનો અંદાજ લગાવી શકાય છે, જે પાકિસ્તાનના અર્થતંત્રમાં કટોકટીની સાક્ષી આપે છે. હા, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પાકિસ્તાની આર્થિક સમીક્ષાનો અહેવાલ ગરીબ પાકિસ્તાન માટે આંચકો સમાન આવ્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં પાકિસ્તાનનું દેવું હવે ૭૬,૦૦૦ અબજ પાકિસ્તાની રૂપિયા થઈ ગયું છે. દેવાના આ પર્વતને કારણે અર્થતંત્રનો દર પણ ૨.૭% રહેવાનો અંદાજ છે.

લાંબા સમયથી આર્થિક સંકટ સામે ઝઝૂમી રહેલા પાકિસ્તાનની સ્થિતિ બધી બાહ્ય મદદ પછી પણ એવી જ છે, જ્યારે આ મદદ પાકિસ્તાન દેવાના પર્વતને વધુ મોટો બનાવી રહી છે. જોકે, સોમવારે આર્થિક સર્વે ૨૦૨૪-૨૫ રજૂ કરનારા નાણામંત્રી મુહમ્મદ ઔરંગઝેબે જણાવ્યું હતું કે પાકિસ્તાનનું અર્થતંત્ર છેલ્લા બે વર્ષથી રિકવરીના માર્ગે છે અને ચાલુ નાણાકીય વર્ષમાં આ પ્રક્રિયા વધુ સ્થિર અને મજબૂત બની છે. સમીક્ષા મુજબ, રોકડની તંગીનો સામનો કરી રહેલી પાકિસ્તાનની અર્થવ્યવસ્થા આ વર્ષે ૨.૭ ટકાના દરે વૃદ્ધિ પામી શકે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૨૩માં જીડીપી વૃદ્ધિ (PAK GDP Growth) -૦.૨% હતી, જે ૨૦૨૪માં વધીને ૨.૫% થઈ ગઈ છે. દેવાના બોજ વચ્ચે પણ, ઔરંગઝેબે આશા વ્યક્ત કરી છે કે આગામી નાણાકીય વર્ષ પરિવર્તનની વાર્તા હશે.

પાકિસ્તાનના આર્થિક સર્વે મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં જે લોનનો આંકડો વધીને ૭૬,૦૦૦ અબજ પાકિસ્તાની રૂપિયા થયો છે તેમાં સ્થાનિક બેંકો પાસેથી ૫૧,૫૦૦ અબજ પાકિસ્તાની રૂપિયા અને બાહ્ય સ્ત્રોતોમાંથી ૨૪,૫૦૦ અબજ પાકિસ્તાની રૂપિયાનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે આ સર્વે એક મહત્વપૂર્ણ પ્રી-બજેટ દસ્તાવેજ છે જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં સરકારના આર્થિક પ્રદર્શન પર પ્રકાશ પાડે છે. પાકિસ્તાનનું નાણાકીય વર્ષ ૧ જુલાઈથી શરૂ થાય છે.પાકિસ્તાનના નાણામંત્રી મુહમ્મદ ઔરંગઝેબે જણાવ્યું હતું કે ૮૦૦ અબજ પાકિસ્તાની રૂપિયાની વાર્ષિક ખાધને નિયંત્રિત કર્યા પછી, સરકાર આવતા વર્ષે ૨૪ રાજ્ય-માલિકીના સાહસો (SOEs) નું ખાનગીકરણ કરવાની યોજના બનાવી રહી છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે પાકિસ્તાનનું અર્થતંત્ર ઈ૪૧૧ અબજ થઈ ગયું છે, જે ગયા નાણાકીય વર્ષમાં $૩૭૨ અબજ હતું. પરંતુ, પાકિસ્તાન ફોરેક્સ રિઝર્વનો ડેટા અર્થતંત્રની સ્થિતિ સ્પષ્ટપણે જણાવે છે, ૩૦ જૂન, ૨૦૨૪ સુધીમાં, પાકિસ્તાનનો વિદેશી હૂંડિયામણ ભંડાર $૯.૪ અબજ હતો, જે ફક્ત બે અઠવાડિયાની આયાતને આવરી શકશે.જો આપણે આર્થિક સર્વેક્ષણમાં જાહેર થયેલા અન્ય આંકડાઓ પર નજર કરીએ તો, પાકિસ્તાનનો સાક્ષરતા દર ૬૭% પર રહે છે, જેમાં પંજાબમાં સાક્ષરતા દર સૌથી વધુ ૬૬% છે. આ ઉપરાંત, સિંધમાં તે ૫૭.૫%, ખૈબર પખ્તુનખ્વામાં ૫૧% અને બલુચિસ્તાનમાં ૪૨% છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાનનું બજેટ આજે ૧૦ જૂને રાષ્ટ્રીય સભામાં રજૂ કરવામાં આવશે. આ પછી, બજેટ પર ચર્ચા ૧૩ જૂનથી શરૂ થશે અને તે ૨૧ જૂન સુધી ચાલુ રહેશે

### રાજસ્થાનમાં મોટી દુર્ઘટના ઘટી

# બનાસ નદીમાં નહાવા પડેલા ૧૧ યુવકો ડૂબ્યાં, ૮ના મોત

**ઘટનાની જાણ થતા પોલીસ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે**

રાજસ્થાન,તા.૧૦

રાજસ્થાનના ટોંક જિલ્લામાં મંગળવારે (૧૦મી જૂન) એક મોટી દુર્ઘટના સર્જાય છે. બનાસ નદીમાં નહાવા ગયેલા ૧૧ યુવાનો અચાનક જોરદાર પ્રવાહમાં તણાયા હતા. આ ઘટનામાં અત્યાર સુધીમાં આઠ યુવાનોના મૃત્યું થયાના અહેવાલ છે. ઘટનાની જાણ થતા પોલીસ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, ટોંક જિલ્લામાં બનાસ નદીમાં ૧૧ યુવાનો નહાવા પડ્યા હતા, પરંતુ અચાનક નદીના જોરદાર પ્રવાહને કારણે તણાયા હતા. આ ઘટના અંગેની જાણ ગ્રામજનોએ પોલીસને કરી હતી. માહિતી મળતાં જ ટોંક પોલીસ, વહીવટીતંત્ર અને જીહ્રઈહ્લ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરી છે. અત્યાર સુધીમાં ૮ યુવાનોના મૃતદેહ મળી આવ્યા છે, જો કે, હજુ ત્રણ યુવાનોની શોધખોળ કરવામાં આવી રહી છે. આ દુઃખદ ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

જાણકારી અનુસાર યુવકો અહીં પિકનિક મનાવવા માટે આવ્યા હતા. જોકે બાદમાં એક બાદ એક ડૂબવા લાગ્યા, પછી સ્થાનિકોએ પોલીસને જાણ કરી. સ્થાનિકોનું કહેવું છે કે નદીનો આ હિસ્સો ખૂબ જ ઊંડો છે, તેમ છતાં ચેતવણી માટે કોઈ બોર્ડ લગાવવામાં આવી નથી. જેના કારણે ઘણીવાર લોકો જાણકાર વિના નહાવા માટે કૂદી પડતાં હોય છે. તમામ મૃતકો જયપુરના હોવાના પ્રાથમિક અહેવાલ છે. પરિજનોની રોકકળના કારણે હોસ્પિટલમાં ગમગીન માહોલ સર્જાયો હતો. SP વિકાસ સાંગવાને લોકોને જાણકારી વિના પાણીમાં ન ઉતરવા અપીલ કરી છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'ટોંક જિલ્લામાં બનાસ નદીમાં ડૂબવાથી યુવાનોના મૃત્યુના સમાચાર ખૂબ જ દુઃખદ છે. ઘટનાની માહિતી મળતાં જ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ મૃતકોના આત્માઓને શાંતિ આપે અને મૃતકોના પરિવારોને આ અપાર દુઃખ સહન કરવાની શક્તિ આપે.

### મનરેગાના બજેટમાં કરાયો મોટો ફેરફાર

# મનરેગાને હવે માસિક/ત્રિમાસિક વ્યય યોજના હેઠળ લાવવામાં આવશે

**મનરેગા માટે આખા વર્ષ માટે જે રકમ નક્કી કરવામાં આવી હતી, તેના ફક્ત ૬૦% જ વર્ષના પહેલા ૬ મહિનામાં ખર્ચ કરવામાં આવશે**

નવીદિલ્હી,તા.૧૦

કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રથમ છ મહિના માટે મનરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ) તેના વાર્ષિક બજેટના ફક્ત ૬૦% જ ખર્ચી શકશે. સરળ શબ્દોમાં કહીએ તો, મનરેગા માટે આખા વર્ષ માટે જે રકમ નક્કી કરવામાં આવી હતી, તેના ફક્ત ૬૦% જ વર્ષના પહેલા ૬ મહિનામાં ખર્ચ કરવામાં આવશે.નાણા મંત્રાલયે ગ્રામીણ વિકાસ મંત્રાલયને જણાવ્યું છે કે હવે આ યોજનાને માસિક/ત્રિમાસિક વ્યય યોજના (MEP/QEP) હેઠળ લાવવામાં આવશે. આ એક એવી સિસ્ટમ છે જે ખર્ચને નિયંત્રિત કરે છે. મનરેગાને આ યોજના હેઠળ લાવવાથી તેનો ખર્ચ માસિક અથવા ત્રિમાસિક ધોરણે ટ્રેક અને નિયંત્રિત કરી શકાશે. અત્યાર સુધી મનરેગાને આમાંથી મુક્તિ આપવામાં આવી હતી. શરૂઆતમાં, ગ્રામીણ વિકાસ મંત્રાલયે મનરેગાને MEP/QEP હેઠળ લાવવાના પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો, પરંતુ આખરે નાણા મંત્રાલયના આ પ્રસ્તાવને મંજૂરી મળી ગઈ.બંને મંત્રાલયો વચ્ચે અનેક તબક્કાની વાતચીત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. નાણા મંત્રાલયે ૨૯ મેના રોજ ગ્રામીણ વિકાસ મંત્રાલયને જાણ કરી કે તે નાણાકીય વર્ષના પ્રથમ છ માસમાં મનરેગાના વાર્ષિક ખર્ચના ફક્ત ૬૦% જ ખર્ચી શકશે, એટલે કે કુલ ૮૬,૦૦૦ કરોડ રૂપિયા. આનો અર્થ એ છે કે સપ્ટેમ્બર પછી આ યોજના માટે ફક્ત ૫૧,૬૦૦ કરોડ રૂપિયા જ ઉપલબ્ધ રહેશે, જે વાર્ષિક બજેટના ૪૦% છે.નોંધનીય છે કે નાણા મંત્રાલયે ૨૦૧૭ માં MEP/QEP ની શરૂઆત કરી હતી જેથી મંત્રાલયોને બિનજરૂરી ઉધાર લેવાથી બચાવી શકાય. અત્યાર સુધી મનરેગા તેના દાયરાથી બહાર હતી, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ની શરૂઆતથી, નાણા મંત્રાલયે MEP/QEP હેઠળ મનરેગાને પણ સામેલ કરવાનો નિર્દેશ આપ્યો છે.મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (MNREGS) ની શરૂઆત ૨૦૦૬-૦૭ માં દેશના સૌથી પછાત ૨૦૦ ગ્રામીણ જિલ્લાઓમાં કરવામાં આવી હતી. ત્યારબાદ મનરેગાને ૨૦૦૭-૦૮ માં વધુ ૧૩૦ જિલ્લાઓમાં ફેલાવવામાં આવી અને ૨૦૦૮-૦૯ માં આ યોજના સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી. આ યોજનાની માંગમાં ૨૦૨૦-૨૧ દરમિયાન મોટો ઉછાળો જોવા મળ્યો, જ્યારે કોવિડ-૧૯ મહામારી દરમિયાન રેકોર્ડ ૭.૫૫ કરોડ ગ્રામીણ પરિવારોએ આ હેઠળ કામ મેળવ્યું. જોકે, ત્યારથી આ યોજના હેઠળ કામ કરતા પરિવારોની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળ્યો છે.

# બિહારમાં ચૂંટણી પહેલા કોંગ્રેસ-RJD ટેન્શનમાં

બિહાર,તા.૧૦

બિહારના રાજકીય કોરિડોરમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ પહેલા મહા ગઠબંધનમાં રાજકીય ખેંચતાણ વધુ તીવ્ર બની ગઈ છે. વિકાસશીલ ઈન્સાન પાર્ટી । પ્રમુખ મુકેશ સહાનીએ ફરી એકવાર રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ અને કોંગ્રેસનું ટેન્શન વધારી દીધું છે. મુકેશ સહાનીએ જાહેરાત કરી છે કે, અમારી પાર્ટી બિહારમાં ૬૦ વિધાનસભા બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારશે અને ૧૫૦ બેઠકો પર નિર્ણાયક ભૂમિકા ભજવશે. આ વચ્ચે મુકેશ સહાનીએ નિષાદ અનામતની માગ કરતા વધુ એક મોટું નિવેદન આપ્યું છે. મુકેશ સહાનીએ કહ્યું કે, 'જો મોદીજી નિષાદ સમુદાયને અનામત આપશે, તો હું તેમના માટે પોતાનો જીવ પણ આપી દઈશ.'સન ઑફ મલ્લાહના'ના નામથી જાણીતા મુકેશ સહાનીએ કહ્યું કે, 'અમારી પાર્ટી નિષાદ અને અત્યંત પછાત વર્ગનો અવાજ છે, જેમનો હિસ્સો ભાગીદારી જેટલો જ હોવો જોઈએ. અમે ૬૦ બેઠકો પર ચૂંટણી લડીશું અને ૫૦% બેઠકો પછાત, અત્યંત પછાત અને અનુસૂચિત જાતિ માટે હશે.' તેમણે દાવો કર્યો કે, 'અમારી પાર્ટી ઓછામાં ઓછી ૪૦ બેઠકો જીતશે અને સરકારના ગઠનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. અમારી પાર્ટી VIPએ ૨૪૩ બેઠકો માટે તૈયારીઓ કરી છે, પરંતુ અમે ૬૦ બેઠકો પર ઉમેદવારો ઉતારીશું.'મુકેશ સહાનીનું આ નિવેદન મહાગઠબંધન માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યું છે. ૨૦૨૦માં સહાનીએ તેજસ્વી પર દગો આપવાનો આરોપ લગાવીને મહાગઠબંધન છોડી દીધું હતું. ત્યારબાદ તેમણે તમામ ૨૪૩ બેઠકો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી, પરંતુ બાદમાં NDA સાથે ગઠબંધન કરી લીધુ હતું. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સહાની ફરીથી મહાગઠબંધનમાં પાછા ફર્યા, જ્યાં RJDએ તેમને ગોપાલગંજ, મોતીહારી અને ઝંઝારપુરની ત્રણ બેઠકો આપી હતી. હવે સહાનીની ૬૦ બેઠકોની માગણીએ ગઠબંધનમાં તણાવ પેદા કર્યો છે.

# ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૫૩ ટકાથી વધુ પાણીનો જથ્થો

**ગત વર્ષે આ સમયે એટલે કે, તા. ૧૦ જૂન ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૪૦.૮૧ ટકા જળ સંગ્રહ હતો**

અમદાવાદ,તા.૧૦

ચાલુ વર્ષે આગામી દિવસોમાં ચોમાસાનું ગુજરાતમાં આગમન થવા જઈ રહ્યું છે ત્યારે ગત વર્ષે સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહશક્તિના ૪૪.૧૮ ટકા જળ સંગ્રહ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૫૩.૦૪ ટકા પાણી ઉપલબ્ધ છે. જેમાંથી આગામી સમયમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગત વર્ષે આ સમયે એટલે કે, તા. ૧૦ જૂન-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૪૦.૮૧ ટકા જળ સંગ્રહ હતો તેમ જળ સંપત્તિ વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

વધુમાં મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૪૪.૦૮ ટકા જળ સંગ્રહ, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૪૩.૨૫ ટકા જળ સંગ્રહ, ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૩૮ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૮.૧૦ ટકા અને કચ્છના ૨૦ જળાશયોમાં ૨૭.૫૭ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અને જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં સરકારે સુજલામ સુફલામ જળસંચય અભિયાન, નલ સે જલ અભિયાન જેવા જળ સંચયના અનેક અભિયાનો શરૂ કર્યા હોવાથી જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાત આત્મનિર્ભર બન્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા 'કેચ ધ રેઈન'ના આહ્વાનને સાકાર કરવા ગુજરાતમાં 'કેચ ધ રેઈન- સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦'નો મહેસાણાના દવાડાથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.

આ સિવાય સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ધોળીધજા તેમજ મોરબીના મચ્છુ-૩ જળાશયમાં હાલ ૯૧ ટકાથી વધુ પાણી ઉપલબ્ધ છે.

જ્યારે કચ્છના કાલાઘોઘા જળાશયમાં ૮૨ ટકાથી વધુ, રાજકોટના ભાદર-૨માં ૭૭ ટકાથી વધુ, છોટા ઉદેપુરના સુખી જળાશયમાં ૭૪ ટકાથી વધુ તેમજ રાજકોટના આજી-૨માં ૭૩ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે.જ્યારે રાજ્યના ૦૬ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૨૦ જળાશયો ૫૦ થી ૭૦ ટકા તેમજ ૭૧ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. જેના પરિણામે ઉનાળા દરમિયાન પણ રાજ્યમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરિકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પૂરું પાડવામાં આવ્યું છે તેમ, યાદીમાં વધુમાં જણાવાયું છે

# અમરેલીના માળીલા ખાતે ઈફકો દ્વારા પાક પરિસંવાદ યોજાયો



પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ‘‘વિકસીત ભારત’’ સ્વપ્નને માળીલા ગામના અઢારેય વરણને સાથે રાખીને માળીલાના જણ એવા દિલીપ સંઘાણીએ ચરિતાર્થ કરેલ છે તેમ કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બોર્ડ તેમજ ઈફકો દ્વારા માળીલા ખાતે યોજાયેલ ‘‘ઈફકો પાક પરિસંવાદ’’ કાર્યક્રમને સંબોધતા પૂર્વકેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ જણાવેલ. પરિસંવાદમા ઉપસ્થિત ઈફકોના ડો.યોગેન્દ્રકુમારએ જણાવેલ કે, માર્ગર્શનના અભાવે થતા ખાતરના ઉપયોગથી પાક–જમીન અને હવા પ્રદુષિત થાય જેની સીધી અસર માનવજીવન ઉપર અનેક પ્રકારના રોગો ઉત્પન્ન કરે છે. નેનો યુરીયા–નેનો ડીએપી પોકને પોષણ આપે છે જમીન, હવા, પાણીને પ્રદુષિત કરતા નથી તેથી ખેતિમા પ્રવાહી ખાતરનો ઉપયોગ કરવા ભારપૂર્વક જણાવેલ હતું. પૈતૃક ગામે યોજાયેલ પરિસંવાદમા બોલતા દિલીપ સંઘાણીએ જણાવેલ કે, રાસાણીક ખાતરોને કારણે ગુણવતા ગુમાવી રહેલ જમીન અને ધરતીની માટીની રક્ષા માટે તેમજ પાકને જરૂરત મુજબના તત્વો મળી રહે તે માટે નેનો પ્રવાહી ખાતરનો ઉપયોગ અને છટકાવ વધારવા ખેડૂતોને અપીલ કરી હતી. કાર્યક્રમના સફળ આયોજનમાં સમસ્ત માળીલા ગામ અને ખાસ કરીને ગામના યુવાનોના સહયોગને બિરદાવીને દિલીપ સંઘાણીએ આભાર સાથે અભિનંદન પાઠવ્યા હતા. પરિસંવાદના પ્રારંભે પધારેલ મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા દ્વારા કરવામા આવેલ હતુ આ તકે પાક પરિસંવાદ સ્થળે રકતદાન કેમ્પ અને મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામા આવેલ.

## પરીક્ષાલક્ષી મૂંઝવણ બાબતે માર્ગદર્શન મેળવવા પરીક્ષાર્થીઓએ શિક્ષકોનો સંપર્ક કરવા જિલ્લા શિક્ષણાધિકારીનો અનુરોધ

### ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાને લઈને મદદ મેળવો

અમરેલી, તા. ૧૦

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨ની પૂરક પરીક્ષા યોજાશે.

પૂરક પરીક્ષા માટે વિદ્યાર્થીઓ પરીક્ષાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન મળી રહે તે માટે અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શિક્ષકઓની નિમણૂંક કરવામાં આવી હોય તેમના મોબાઈલ નંબર પર સંપર્ક કરવા અનુરોધ છે.

વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી મુંઝવણ હોય તો તે (૧) કિરીટભાઈ જોટવા સુ.સા. હાઈસ્કુલ વડીયા (મો.નં. ૯૮૯૮૪ ૬૭૯૯૯), (૨) વી.બી. અગ્રાવત પારેખ અને મહેતા હાઈસ્કુલ જાફરાબાદ (મો.નં. ૯૪૨૬૯ ૮૫૭૩૫), (૩) સી.પી. ગોંડલિયા સ્વામી વિદ્યાલય વાંકિયા તા. અમરેલી (મો.નં. ૯૪૨૭૨ ૩૧૮૨૫), (૪) સોનલબેન મશરૂ સનરાઈઝ હાઈસ્કુલ સાવરકુંડલા (મો.નં. ૯૪૨૯૨ ૫૭૨૬૮), (૫) પી.ડી. પટાટા દામાણી હાઈસ્કુલ, ધારી (મો.નં. ૯૮૨૫૭ ૩૬૫૫૦), (૬) ધમેન્દ્રભાઈ કનાળા જનતા વિદ્યાલય તાતણીયા, તા. ખાંભા (મો.નં. ૯૯૭૭૩ ૨૦૦૪૫), (૭) હસમુખભાઈ કરડ અમૃતબા વિદ્યાલય, લીલીયા (મો.નં. ૯૪૨૮૮ ૩૬૮૩૬), (૮) અનિલભાઈ પરમાર સરકારી માધ્યમિક શાળા દેવકા તા. રાજુલા (મો.નં. ૭૫૬૭૦ ૩૧૩૩૩), (૯) વિપુલભાઈ ભટ્ટ એલ.કે. બાબરિયા હાઈસ્કુલ, હામાપુર તા. બગસરા (મો.નં. ૯૪૨૭૭ ૪૨૪૭૧) પર સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધી સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

## નાયબ દંડક કૌશિક વેકરિયાનાં જન્મદિને અમરેલીનાં સેવાભાવી શકિત ગૃપ દ્વારા બાળકોને ભોજન કરાવાયુ

### પ્રમુખ ગૌતમભાઈ સહિતનાં યુવાનો જોડાયા

અમરેલી, તા. ૧૦

ગુજરાત સરકારના મુખ્ય નાયબ દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના જન્મદિવસની અમરેલી શકિત ગૃપ યુવાનોએ ઝુંપડપટ્ટી વિસ્તારમાં બાળકોને ભોજન કરાવ્યુ કાર્યક્રમમાં ઉપસ્થિત કૌશિકભાઈ વેકરિયા, ગૌતમભાઈ વાળા, જનકભાઈ વિંછીયા, વિજયભાઈ ધંધુકિયા, પરેશ પરમાર, જયદેવભાઈ



વાળા, હાર્દિક ગેડિયા, કુલદીપ ગણાત્રા, કુલદીપ પરમાર, કે.ડી. ચિરાગ રામાનુજ, સ્મીત સોનપાલ, વિશ્વજીત વાળા, અશોક વાળા અમરેલી સહિતના યુવાનો ઉપસ્થિત રહી જન્મદિવસની ઉજવણી કરી હતી.

## જિલ્લા આપતી વ્યવસ્થાપન કચેરી દ્વારા અનુરોધ નાગરિક સંરક્ષણદળમાં સ્વયંસેવક તરીકે વધુમાં વધુ નાગરિકોએ નોંધણી કરાવી લેવી

### નોંધણી માટે તાલુકા કક્ષાની કચેરીનો સંપર્ક કરવો

અમરેલી, તા. ૧૦

કોઈપણ કુદરતી કે કૃત્રિમ આપત્તિની પરિસ્થિતિ સર્જાઈ તો તેવી સ્થિતિમાં નાગરિકોની જરૂરી પ્રાથમિક સેવાઓ મળી રહે તે માટે સ્વયંસેવકોની જરૂર હોય અમરેલી નાગરિક સંરક્ષણ દળ (સિવિલ ડિફેન્સ) સ્વયંસેવક રજીસ્ટ્રેશન કામગીરી શરૂ છે.

આપાતકાલીન પરિસ્થિતિમાં સેવા આપી શકે તેવા શારીરિક અને માનસિક સક્ષમ હોય તેવા યુવા નાગરિકો, એન.સી.સી.એન.એસ.એસ. કર્મચારીઓ, આપદા મિત્ર તાલીમ ધરાવતા સ્વયંસેવકઓ, પોલીસ મિત્ર, પૂર્વ સેનાના (એકસ આર્મી મેન) કર્મચારીઓ, ખાનગી સુરક્ષા કર્મચારીઓ, એન.જી.ઓ. સ્વૈચ્છિક સ્વયંસેવક તેમજ સિવિલ ડિફેન્સમાં સ્વયંસેવક માટેનું રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેકટરની સુચના અનુસાર અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કચેરી દ્વારા આ અન્વયે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી માટે અમરેલી જિલ્લાના તમામ પોલીસ અન્વયે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી માટે અમરેલી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન સંબંધિત તમામ મામલતદાર કચેરી દ્વારા સંકલન કરવામાં આવી રહ્યું છે. દરેક તાલુકાની વસ્તીના ધોરણે દર પ્રતિ ૫૦૦ લોકો દીઠ ૧ વોલેન્ટિયર (સ્વયંસેવક) થાય તે રીતે રજીસ્ટ્રેશન www.mybharat.gov.in પર શરૂ છે.

સિવિલ ડિફેન્સ વોલેન્ટિયર તરીકે જોડાવવા ઈચ્છુક હોય તેમની ઉંમર ૧૮થી વધુ, ઓછામાં ઓછું ધો. ૪ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. સિવિલ ડિફેન્સ વોલેન્ટિયર તરીકે જોડાવવા ઈચ્છુકના નામ, સરનામા, જન્મ તારીખ, સંપર્ક નંબર, શૈક્ષણિક લાયકાત અનુભવ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ સહિતની વિગતો નોંધવામાં આવશે.


સિવિલ ડિફેન્સ વોલેન્ટિયર તરીકે જોડાવવા માટેનું નિયમ ફોર્મ તાલુકા મામલતદાર કચેરી અને તાલુકા અથવા શહેર પોલીસ કચેરી ખાતેથી મળશે. આથી, જિલ્લાના વધુમાં વધુ નાગરિકોને રજીસ્ટ્રેશન કરાવવા અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કચેરીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

## ભારતમાં શાળા, લેબોરેટરી, વૈદ્યશાળા, પુસ્તકાલયની જરૂર : વિજ્ઞાન જાથા

અમરેલી, તા. ૧૦

અમદાવાદ : રાજકોટ વિરાણી સ્કૂલમાં નવા સત્રના પ્રારંભે જ્ઞાન–વિજ્ઞાનનો નવતર કાર્યક્રમમાં છાત્ર–છાત્રાઓમાં અંધશ્રદ્ધા નિવારાણાર્થે ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ભારતમાં શાળા, લેબોરેટરી, વૈદ્યશાળા, પુસ્તકાલય, યુનિવર્સિટી, રમતગમતની તાતી જરૂરીયાત છે તેની ઉપર વિશદ માહિતી આપવામાં આવી હતી. જાથાનો ૧૦૦૬૨મા કાર્યક્રમને સફળતા મળી હતી. ‘એ’ ડિવીઝન પોલીસ સ્ટેશને પુરતો બંદોબસ્ત ગોઠવ્યો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટનમાં રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, પ્રભારી શાળાના ટ્રસ્ટી પરેશભાઈ ઠાકર, કેમ્પસ ડાયરેકટર સુનિલભાઈ સોલંકી, હાઈસ્કૂલના આચાર્યા હરેન્દ્રસિંહ ડોડીયા, સામતભાઈ કાગળીયા, મીતલબેન રાવલની હાજરીમાં કરવામાં આવ્યું હતું.શાસક પક્ષના નેતા લીલુબેન જાદવે છાત્રોને સંબોધતા જણાવ્યું કે અંધશ્રદ્ધાને દેશવટો આપવાની તાતી જરૂરીયાત છે. વિજ્ઞાન અભિગમથી રાષ્ટ્ર મજબુત બને છે. તેમણે આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. મહાનગરપાલિકાના દંડક મનિષભાઈ રાડીયાએ શ્રદ્ધા અંધશ્રદ્ધાનો ભેદ પારખવાની જરૂર છે. અંધશ્રદ્ધાથી માનવીને બરબાદી મળી છે. ભાવિ પેઢીને ધ્યાનમાં રાખી જુના–રદ્દી વિચારોને તિલાંજલિ આપવા હાકલ કરી હતી. શાળાના ટ્રસ્ટી, ભાજપના પ્રભારી પરેશભાઈ ઠાકરે ઉદ્દઘાટન કરતાં જણાવ્યું કે વિજ્ઞાન જાથા વર્ષોથી પાખંડ સામે કામ કરે છે. લોકોની ફરજ બને છે કે અંધશ્રદ્ધાને તિલાંજલિ આપવી, સામુહિક પ્રયાસથી અંધશ્રદ્ધા નાબુદ થશે. કેમ્પસ ડાયરેકટર સુનિલભાઈ સોલંકીએ વ્હેમ, અંધશ્રદ્ધા, કુરિવાજો, વ્યસનો, જુની માન્યતા, પરંપરાને ત્યાગી નવાંગતુક વિચારોને પ્રાધાન્ય આપવાની તાતી જરૂરીયાત છે. શાળાના આચાર્યા મિતલબેન રાવલે શાળા સત્રના



પ્રારંભે નવો અભિગમ મુકવાની નેમને સફળતા મળી છે. જ્ઞાન–વિજ્ઞાન દેશનો પાયો છે.જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્રોને સંબોધતા જણાવ્યું કે વિજ્ઞાનની શોધ માનવ કલ્યાણ માટે હોય છે. વિજ્ઞાને અનેક રહસ્યો ખોલી નાખ્યા છે. તેનો સદઉપયોગ કરી સાથે મળીને રાષ્ટ્રને મજબુત કરવાની જરૂર છે. વિજ્ઞાનને સરહદના સીમાડા નડતા નથી. વિજ્ઞાનમાં જો અને તો ને સ્થાન નથી. અનેક કસોટીને એરણે ચડાવ્યા પછી સચોટ માન્યતા મળી છે. લોકોને વિજ્ઞાનથી ફાયદો થયો છે તે નજરે જોઈએ છીએ. ભારતમાં મહિલાઓ તાંત્રિકો, લેભાગુ, ભુવાઓ, મુંજાવરોનો વારંવાર ભોગ બને છે. જાગવાની જરૂર છે. ઘરથી સુધારો કરવાની જરૂર છે. દેશની પ્રગતિનો આધાર વિજ્ઞાન છે. જાથા સતત ફિલ્ડ ઉપર કામ કરી વિવેકાધીન કાર્ય કરે છે. લોકોનો સ્વયંભુ ટેકો મળે છે. ટીમવર્કની પ્રશંસા કરી હતી.જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ, વાલીને સંબોધતા જણાવ્યું કે શિક્ષણ આવવાથી બે નહિ ચાર આંખની દ્રષ્ટિ મળે છે. પરિવારને સુખી સમૃધ્ધ કરવું હોય તો શિક્ષણની આવશ્યકતા અતિ જરૂરી છે. માનવીને મુશ્કેલીના સમયે વિજ્ઞાન દ્રષ્ટિકોણ લાભપ્રદ છે. યુરોપ ખંડની પ્રગતિનો આધાર વિજ્ઞાન સાથે તર્કના મૂલ્યાંકનને આભારી છે. ભારતમાં શાળા, લેબોરેટરી, વૈદ્યશાળા, પુસ્તકાલય, યુનિવર્સિટી, ઉદ્યોગ રોજગારી કેન્દ્રની માનવ સમાજ માટે ઉપયોગી છે. ધર્મ કે ધાર્મિક સ્થાને વિશ્વની એકપણ સમસ્યા ઉકેલી શકયા નથી. ધર્માંધતા માનવીન પાંગળો બનાવે છે. અતિશ્રદ્ધા અંધશ્રદ્ધામાં સરી પડે નહિ તેની અતિ કાળજી રાખવી જોઈએ. અંધશ્રદ્ધાથી માનવીને પાયમાલી મળી છે. અંધશ્રદ્ધાને દેશવટો આપવો જોઈએ. કોઈપણ ધર્મના નેતાએ પોતાના દેશની એકપણ સમસ્યા ઉકેલી નથી. પોતાની મહત્તા વધારી લોકોને ધાર્મિક ચિહનો, કર્મકાંડ–ક્રિયાકાંડો તરફ દોરી જઈને શારીરિક, માનસિક આર્થિક શોષણ કર્યુ છે તેથી જાગવાની જરૂર છે.જાથાના પંડયાએ વાસ્તુશાસ્ત્ર, ફેંગસૂઈ, અંકશાસ્ત્ર, છાયાશાસ્ત્ર, જયોતિષ, સીગ્નેચર વિગેરે અવૈજ્ઞાનિક, અવાસ્તવિક, અતાર્કિક હોય તેનું અનુસરણ કરવાથી માનવીને અધોગતિ મળે છે. વિજ્ઞાન યુગમાં લોકોએ જાગવાની જરૂર છે. ભૂત–પ્રેત, જીન્નાત, ખવીસ, ચુડેલ, ડાકણ, મામો, અદ્રશ્ય શકિત, દિવ્ય શકિત, આસુરી શકિત જેનું અસ્તિત્વ જ નથી તેનો ભય, ડર કાઢી નાખવાની તાતી જરૂરીયાત છે. સદીઓ પુરાણા વિચારોને તિલાંજલિ આપી વિજ્ઞાન–ટેકનોલોજી, નેનો, એ.આઈ. ની સિધ્ધીઓને અનુસરીને આપણા બાળકોને સિધ્ધી હાંસલ કરવાના પ્રયત્નો કરવા જોઈએ.જાથાના પંડયાએ વૈજ્ઞાનિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ–ભસ્મ–લોહી નીકળવું, સંમોહન, કાનેથી ચિઠ્ઠી વાંચવી, ઉકળતા તેલમાંથી હાથેથી પુરી તળવી, એકના ડબલ, બોલતું તાવીજ, હઝરતમાં જોવું, બેડી તુટવી, ધૂણવું–સવારી આવવાની ડિંડક લીલા વિગેરેનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા હતા. પ્રયોગ નિદર્શનમાં મીમીકી આર્ટીસ્ટ ઉમેશ રાવ, તુષાર રાવ, સંજયભાઈ, જાથાના અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલે ભાગ લીધો હતો.શાળાના ગણિત–વિજ્ઞાન શિક્ષક હિરેનભાઈ સુવાએ ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી તેની કદર કરવામાં આવી હતી. શાળાના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

જાથાનો ૧૦૦૬૨મો કાર્યક્રમ સફળ બન્યો હતો. વધુ માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# ચલાલા ખાતે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજ હરિદ્વાર દ્વારા જયોતિ કળશ યાત્રાનું આગમન




યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ – ચલાલા ધ્વારા અનેકવિધ સેવા કાર્ય થઈ રહ્યા છે. જેમાં તાજેતરમાં અખિલ વિશ્વ પરિવાર શાંતિકુંજ હરિદ્વારથી કળશ, જયોત અને આશીર્વાદ લઈ એક રથનું વિશેષ ઉપદેશ સાથે આગમન થયું હતું. જેમાં ૨૦૨૬માં ગુરુદેવની સાધનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થાય છે તેમજ વંદનીય માતાજીના જન્મને ૧૦૦ વર્ષ પુરા થાય છે. સાથે અખંડ દીપકને પણ ૧૦૦ વર્ષ પૂર્ણ થાય છે. તેના શતાબ્દી મહોત્સવના ભાગરૂપે આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રથમાં ઝોનમાંથી જયેશભાઈ બારોટ તથા સારથી તરીકે નવનીતભાઈ વ્યાસ સુંદર સેવા આપી રહ્યા છે. ગાયત્રી પરિવાર શાંતિકુંજ ધ્વારા ૮૨ દેશોમાં અને સમગ્ર ભારતના બધા જ રાજયમાં આ યાત્રા ફરી રહી છે. જેમાં ભાગરૂપે અમરેલી અને ત્યાંથી ચલાલા અને તેમજ આસપાસના ધારી, ખીચા, સરસીયા, ગોપાલગ્રામ, સરંભડા, મોરઝર, છતડીયા, ધારગણી, સમઢિયાળા સહિત અનેક ગામોમાં ગુરૂદેવને જન–જન સુધી પહોચવાનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. જેમાં ઘરે ઘરે વૃક્ષો વાવો, વ્યસનથી દુર રહો, બલી વેશ્ય યજ્ઞ તેમજ કુટુંબમાં સંપીને રહેવાનું માર્ગદર્શન આપવામાં આવે છે. આપણા સંસ્થાના વડા પુ.સંત ડો.રતિદાદા તથા ભારત ભુષણ મહેશભાઈ મહેતા તથા સમગ્ર ગાયત્રી પરિવાર અને ગ્રામજનો ધ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર જિલ્લામાં આ રથની વ્યવસ્થા માટે જિલ્લા સંયોજક અતુલભાઈ પંડયા, બીપીનભાઈ ભરાડ, ભાસ્કરભાઈ તળાવીયા, સવજીભાઈ પટેલ સહિતના જિલ્લા ગાયત્રી પરિવારના ભાઈ બહેનો અથાક મહેનત કરી રહ્યા છે.

# સાવરકુંડલા : માનવમંદિર ખાતે માનવ મંદિર ગુરૂકુળમાં છાત્રાલય શુભારંભ તથા કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન કરાયુ








દિનદયાળ સેવા ટ્રસ્ટ સાવરકુંડલાપ્રેરિતમાનવમંદિર ગુરૂકુળ દ્વારા ગામડાઓના શિવાલયો અને રામજી મંદિરોના પૂજારી પરિવારોના બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે નિર્માણપામીરહેલાકુમારછાત્રાલયના શુભારંભ સમારોહ અને કન્યા છાત્રાલયના ભૂમિપૂજન કરવાનો કાર્યક્રમ પ. પૂ. મોરારીબાપુના વરદહસ્તે યોજાયેલ સાવરકુંડલા ખાતે આજરોજ માનવ મંદિર ખાતે પ્રાતઃ સ્મરણીય પરમ શ્રદ્ધેય પૂજય મોરારીબાપુના વરદ હસ્તે ગુરૂકુળ છાત્રાલય નિર્માણ અને કન્યા છાત્રાલય ભૂમિપૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો. સનાતન ધર્મના પાયા સમા પૂજારી પરિવારોના બાળકોના શિક્ષણ અને ઉત્કર્ષ માટે માનવ મંદિર ગુરૂકુળનો પ્રારંભ પ્રસંગે ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી પધારેલ સંતો મહંતો તેમજ રાજકીય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાંભવ્ય કાર્યક્રમ યોજાયો. આ ભવ્ય કાર્યક્રમ આજરોજ ૯ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૯:૦૦ કલાકે માનવમંદિર, હાથસણી રોડ, સાવરકુંડલા ખાતે યોજાતા સાવરકુંડલા શહેર હવે શૈક્ષણિકક્ષેત્રે પણ એક અનોખી ઓળખ પ્રસ્થાપિત કરશે. આ પ્રસંગે પ.પૂ. મોરારીબાપુ અને પ.પૂ. ભકિતબાપુ વિશેષ ઉપસ્થિત રહી, ઉપરાંત, પૂજય રાજેન્દ્રદાસ બાપુ (વૃંદાવન ધામ–રામપરા) પણ આ કાર્યક્રમમાં વિશેષ હાજરી સાથે ગુજરાતભરમાંથી ઠેર ઠેરથી પધારેલ સાધુસંતો તથા રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો. બપોરે ૧૨:૦૦ કલાકે પ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલ છે, જેમાં સૌ ભાવિક ભકતો ભોજનપ્રસાદનો લાભ લ્હાવો લીધો. આ પ્રસંગે, ભકિતબાપુ તથા માનવમંદિર પરિવાર, તેમજ સાવરકુંડલા તાલુકા વૈષ્ણવ સાધુ સમાજ, શહેર સાધુ સમાજ પ્રમુખ નાગરભાઈ ગોંડલીયા અને તાલુકા સાધુસમાજ પ્રમુખ મહેશભાઈ ગોંડલીયા તરફથી સમસ્ત ભાવિક ભકતો અને સેવાભાવીઓનું ભાવપૂર્ણ સ્વાગત કરવામાં આવેલ. આ તકે ઉપસ્થિત અગ્રગણ્ય મહાનુભાવોનું જાહેર સન્માન પણ કરવામાં આવેલ. ધર્મ અને સમાજ સેવાના આ ભગીરથ કાર્યના સાક્ષી બનવા પધારેલ મહાનુભાવો દ્વારા પણ માનવમંદિરના આ પ્રયાસને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવેલ. વાત કરીએ ભારતીય સંસ્કૃતિની અસ્મિતાની તો પ. પૂ. મોરારીબાપુના આશીર્વાદ સાથે પ. પૂ. ભકિતરામબાપુએ સાંપ્રત સમયના રામજી મંદિર ચોરાના તેમજ શિવાલયના પુજારીઓના સંતાનોને યોગ્ય શિક્ષણ સાથે રહેવા જમવાની વ્યવસ્થા વિનામૂલ્યે પ્રદાન કરવી આવશયક હોય કારણ કે આ રામજી મંદિર ચોરા અને શિવાલયના પુજારીની આર્થિક સ્થિતિ નબળી હોય તેવું સાંપ્રત સમયની પરિસ્થિતિ જોવા મળે છે આ બાબતોને ધ્યાનમાં રાખીને સનાતન સંસ્કૃતિના સંવર્ધન માટે આ પુજારીઓના આર્થિક જીવન ધોરણ પણ સુધારો જરૂરી છે. આ ઉદ્દેશ્ય સાથે આ છાત્રાલયોનું નિર્માણ ગ્રામીણ વિસ્તારોના પૂજારી પરિવારોના બાળકોને ગુણવત્તાયુકત શિક્ષણ અને રહેઠાણ પૂરૂ પાડી તેમના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવામાં મદદરૂપ થવાના શુધ્ધ હેતુ સાથે આ સેવાયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો. આ ગુરૂકુળ સમાજ સેવા અને ધાર્મિક ઉત્થાન પ્રત્યે માનવ મંદિર ગુરૂકુળની ઊંડી પ્રતિબદ્ધતાનું પ્રતીક છે, અને સનાતન ધર્મના પાયા સમા પૂજારીઓના સંતાનોને સુયોગ્ય શિક્ષણ પ્રાપ્ત થાય તે આશયથી આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની પૂર્વરાત્રિએ અહીં માનવમંદિર ખાતે એક ભવ્ય સંતવાણી ડાયરાનું આયોજન પણ કરવામાં આવેલ. જેમાં નામાંકિત ભજનિકો દ્વારા સંતવાણીના સૂર સાથે અલખની આરાધના થઈ. આ કાર્યક્રમનો લ્હાવો લેવા ઠેર ઠેરથી ભાવિકો ઉમટી પડયા હતા. આ તકે વકતાઓએ માનવમંદિરના આ અભિયાનને બિરદાવી અન્ય માટે પણ પ્રેરણાદાયી બને એવી અભિલાષા વ્યકત કરવામાં આવી. અને ધીમે ધીમે વિનષ્ટ થઈ રહેલી ભારતીય સંસ્કૃતિ અને સનાતની પરંપરાનું સંવર્ધન થાય એ માટે સૈના સહિયારા પ્રયાસો આવશ્યક છે એ બાબત પર ભાર મૂકયો હતો. પ. પૂ. મોરારીબાપુએ પણ સાંપ્રત સમયની સાથે ભારતીય સંસ્કૃતિના જતન માટે અને સનાતની પરંપરાના પ્રહરી બની હવે સૌએ આગળ આવવું જોઈએ એવો મત પણ વ્યકત કર્યો હતો. અંતમાં પ. પૂ. ભકિતરામબાપુએ ઉપસ્થિત તમામનો આવા શુભકાર્યમાં સહકાર આપવા બદલ આભાર માન્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે માનવમંદિરના સેવક ગણ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## લોઠપુર–કોવાયા માર્ગ ઉપર

આ બનાવમાં પીપાવાવ મરીન પોલીસે આરોપીની શોધખોળ કરવાસારૂ અલગઅલગ પોલીસની ટીમો બનાવી ૭૦૦ જેટલા વાહનોની વિગતો મેળવી તેમજ કોવાયાથી જાફરાબાદ તથા રાજુલા તરફ જતાં રોડે જાફરાબાદ અને રાજુલા સુધી રસ્તામા આવતા તમામ ઈઈઝટ કેમેરા ચેક કરી જીણવટપુર્વક અભ્યાસ કરી અમૂક ચોક્કસ નિશાનીઓને આધારે અકસ્માત કરી નાસી જનાર ડમ્પર ચાલક રાજુલા તાલુકાના હિડોરણા ગામે મહાવિર ટોકીઝ પાછળ રહેતા વિપુલ હરીભાઈ ચેહાણ નામના ડ્રાઈવરની શોધખોળ કરી ચોક્કસ બાતમી મેળવી ડમ્પર ચાલકને ડમ્પર સહીત પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૧ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૩ | ચણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| ૪ | જુવાર સફેદ | ૪૦૦ | ૮૨૦ |
| ૫ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૫૫૧ |
| ૬ | સોયાબીન | ૬૫૧ | ૬૫૧ |
| ૭ | શીંગદાણા | ૧૫૯૮ | ૧૬૧૫ |
| ૮ | એરંડા | ૧૧૭૫ | ૧૧૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૭૫ | ૧૦૯૦ |
| ૨ | શિંગ મોટી | ૭૫૫ | ૧૦૮૪ |
| ૩ | શિંગદાણા | ૧૧૮૦ | ૧૬૦૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૧૦૦ | ૧૪૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૪૧૫ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૩૩૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૬૪૦ | ૧૯૧૦ |
| ૮ | બાજરો | ૩૦૪ | ૫૩૨ |
| ૯ | જુવાર | ૨૭૦ | ૭૧૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૪૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૮૦ | ૫૩૪ |
| ૧૨ | મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| ૧૩ | મગ | ૮૭૦ | ૧૬૧૫ |
| ૧૪ | અડદ | ૫૦૦ | ૧૩૧૪ |
| ૧૫ | ચણા | ૬૦૦ | ૧૧૦૪ |
| ૧૬ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૭ | ચણા સફેદ | ૮૦૦ | ૧૧૪૫ |
| ૧૮ | છોલે ચણા | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ૧૯ | તુવેર | ૮૫૦ | ૧૨૧૨ |
| ૨૦ | વાલ | ૪૫૦ | ૧૦૫૫ |
| ૨૧ | કપાસ | ૭૫૦ | ૧૫૮૫ |
| ૨૨ | એરંડા | ૧૦૩૫ | ૧૨૩૫ |
| ૨૩ | જીરૂ | ૨૫૦૦ | ૩૯૨૦ |
| ૨૪ | રાયડો | ૧૦૩૦ | ૧૦૯૪ |
| ૨૫ | રાય | ૧૦૮૦ | ૧૨૧૫ |
| ૨૬ | ધાણા | ૧૨૪૯ | ૧૨૯૦ |
| ૨૭ | ધાણી | ૯૭૪ | ૧૩૦૧ |
| ૨૮ | મેથી | ૭૬૫ | ૯૦૫ |
| ૨૯ | સોયાબીન | ૭૬૧ | ૮૧૭ |
| ૩૦ | વરીયાળી | ૧૦૪૫ | ૧૧૭૦ |
| ૩૧ | સુવાદાણા | ૧૩૩૦ | ૧૩૩૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## જાફરાબાદનાં સામાકાંઠાનાં

કરીને આ વિસ્તારના લોકો પાણીની પ્રાથમિક જરૂરિયાતથી વંચિત રહેલ હોય. જેવા કે બાલકૃષ્ણ સોસાયટી, સાંઈ મંદિરના પાછળના ભાગ વિસ્તારોમાં તથા અન્ય વિસ્તારમાં તા. ૬/૫/૨૦૨૫ ના રોજ પાણી વિતરણ કરવામાં આવ્યું હતું તે આજે મહિના દિવસ સુધી જીવન જરૂરિયાત પાણી વિતરણ કરવામાં આવ્યું નથી લોકો પાણી માટે વલખાંખાઈ રહ્યા છે. મસમોટી રકમ ખર્ચ કરી પાણીના ટાંકા ઠાલવી રહ્યા છે. અમુક વિસ્તારોમાં જે વિસ્તારમાં ચુંટાયેલા સભ્યો લાગતાં વળગતા અને કુટુંબના વિસ્તારોમાં પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે પરંતુ જયાં વિસ્તારમાં મહિના સુધી જીવન જરૂરિયાત પાણી વિતરણ કરવામાં આવ્યું નથી તે વિસ્તારોમાં અન્યાય શા માટે..?? વાલમેનને ફોન કરતાં તેઓએ જણાવ્યું હતુ કે ટાંકો ભરાઈ પછી આ વિસ્તારોમાં પાણી વિતરણ કરવામાં આવશે પરંતુ વીસ મિનિટ બાદ વાલમેન દ્વારા ફોન કરી જણાવ્યું કે પાણીનો ટાંકો ખાલી થઈ ગયો છે હવે ઉપરથી પાણી આવે ત્યારે આપીશું. પરંતુ એક જ વિસ્તારમાં બે વખત પાણી વિતરણ કરવામાં આવી રહ્યાં હોય તેવું લોકો દ્વારા જણાવ્યું હતું. આ વિસ્તારોનાં પાણી બાબતે અગાઉથી વાલમેનને જાણ કરવા છતાં પાણી વિતરણ કરવામાં આવ્યું નથી. આ બાબતે ચીફ ઓફિસરના વોટ્સએપ નંબર ઉપર બાલકૃષ્ણ સોસાયટી તથા સાંઈ મંદિર તથા અન્ય વિસ્તાર બાબતે વોટ્સએપ નંબર ઉપર જાણ કરવામાં આવી હતી. આ વિસ્તારોમાં પાણી વિતરણ કરવા માટે વાલમેનને પણ જાણ કરી હતી પરંતુ વાલમેન પોતાની મનમાની ચલાવી રહ્યા હોય તેની ઉપર પગલાં લેવા આ બાબતે ચીફ ઓફિસરને અગાઉ વોટ્સએપ મેસેજ કરવા છતાં કોઈ પરિણામ આવ્યું નથી. નાગરિકોને જીવન જરૂરિયાતનો સવાલ હોય છતાં પણ કોઈ ધ્યાન આપવામાં આવતું નથી જેથી કરીને નાગરિકોને બંધારણીય અધિકાર ઉપર તરાપ મારવામાં આવે છે અને નાગરિકોને પાણીથી વંચિત રાખવામાં આવે છે તે અતિશય ગંભીર ગુનાહિત બાબત છે. આ વિસ્તારના લોકો નગરપાલિકાને પાણી વેરો ભરે છે અને નગરપાલિકાને સમયસર પાણી આપવું એ તેમની મહત્વની ફરજ છે. આ ફરજમાંથી છટકી શકાય નહીં નાગરિકોને પાણીથી વંચિત રાખવા એ બંધારણીય આપેલા અધિકારોનું ભંગ સમાન છે. માટે આ અરજીથી જણાવીએ છીએ કે પાંચ દિવસમાં સમયસર પાણી નહીં આપવામાં આવે તો બંધારણીય માર્ગે નગરપાલિકા સામે શોર્ટ નોટિસ આપીને પાલિકાને ઘેરાવ, ઉપવાસ, સત્યાગ્રહ વગેરે માર્ગે જવાની ફરજ પડશે. જેનાથી ઉપસ્થિત થતી કાયદો અને વ્યવસ્થાની તમામ જવાબદારી નગરપાલિકાની સંબંધિત અધિકારીઓની રહેશે તેમજ નગરપાલિકા એન્જીનીયરની સંપૂર્ણ જવાબદારી રહેશે તેની ગંભીર નોંધ લેવા લેખિત રજૂઆત લાગતા વળગતા ખાતાઓમાં કરવામાં આવી છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૯૦ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૪ | શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૫૫૦ | ૨૦૭૦ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૩૧૮૦ |
| ૭ | જીરૂ | ૩૩૦૦ | ૩૮૦૧ |
| ૮ | કપાસ | ૧૩૮૦ | ૧૫૪૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૨૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| ૧૧ | બાજરો | ૩૪૦ | ૫૭૦ |
| ૧૨ | જુવાર | ૭૦૦ | ૮૫૨ |
| ૧૩ | મગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૪ | અડદ | ૧૨૩૦ | ૧૪૭૬ |
| ૧૫ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૭ |
| ૧૬ | તુવેર | ૯૫૦ | ૧૨૦૦ |
| ૧૭ | એરંડી | ૧૧૩૩ | ૧૨૪૫ |
| ૧૮ | મેથી | – | ૮૧૫ |
| ૧૯ | ધાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| ૨૦ | સોયાબીન | ૭૦૦ | ૭૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરાનાં શાપર ગામે

ખાતું ત્યાં તત્કાલ દોડી આવેલું હતું અને આ તમામ મૃતક ઘેટા–બકરાને ઘટના સ્થળેથી ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે આ ભરવાડ સમાજ તેમજ સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ઊભો થયો હતો. જયારે વન તંત્ર દ્વારા આવા હિંસક પ્રાણી જેવા કે સિંહ અને દીપડાને શાપર ગામની હદમાંથી ખદેડવામાં આવે તેવી લોકોમાં માંગ પણ ઉઠી હતી. જયારે આ ભરવાડ સમાજ દ્વારા જેઓ પોતાનું ગુજરાત આ ઘેટા–બકરાના સહારે ચલાવતા હતા તેને વળતર ચૂકવવામાં આવે જેથીકરીને તેઓ ફરી પોતાનું ગુજરાન ચલાવવા માટે નવા ઘેટા–બકરાની ખરીદી કરી શકે તેવી માંગ કરવામાં આવી છે. આવી ઘટના બનતા લોકોમાં ઓહાપો પણ મચી ગયો છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અવનવા કાર્યક્રમોમાં એકત્ર થતી

આવતી.

આટલી ભીડ કયારેય પોતાના પાયાના પ્રશ્નોના સમાધાન માટે રોડ પર નથી આવતી.

આઝાદીના ૭૮ વર્ષ પછી મતદારોએ આટલી સાદી વાત તો સમજવી પડશે કે જે ગમે તેટલા પૈસા ખર્ચી ચૂંટાવા માંગે છે તેને ચૂંટાયા બાદ તમારી સેવા કરવામાં જરા જેટલો રસ હોતો નથી. એવા ઉમેદવારો એમ અર્થમાં રાજનીતિને પૈસા કમાવવાનું સાધન ગણે છે અને ચૂંટણીમાં થતા ખર્ચને ભવિષ્યમાં સત્તા દ્વારા અઢળક સંપત્તિ કમાવવા માટેનું રોકાણ ઈન્વેસ્ટમેન્ટ ગણીને ચાલે છે.

સાથે સાથે જે મતદાર પૈસા કે અન્ય કોઈ લાલચથી પોતાનો મત વેચે છે એનું સ્થાન બજારૂ સ્ત્રીથી પણ નિમ્ન છે.

પૈસા વાપરી મતો ખરીદવા નીકળેલા ઉમેદવારો અને વ્યકિતગત લાભ માટે મત વેંચતા મતદારો લોકશાહીના ભક્ષકો છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૭૦ | ૧૫૮૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૦૦ | ૧૪૩૦ |
| ૩ | મગફળી | ૧૦૪૨ | ૧૦૯૮ |
| ૪ | ઘઉં | ૪૬૫ | ૫૦૫ |
| ૫ | મગ | ૧૨૮૦ | ૧૪૩૦ |
| ૬ | તલ સફેદ | ૧૫૬૫ | ૧૮૬૫ |
| ૭ | તલ કાળા | ૨૫૬૦ | ૨૭૦૦ |
| ૮ | જીરૂ | ૨૮૪૦ | ૩૬૩૦ |
| ૯ | ચણા | ૧૦૬૨ | ૧૦૮૮ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૦૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૦૧ |
| ૪ | ધાણા | ૯૯૦ | ૧૧૩૫ |
| ૫ | ચણા | ૮૩૦ | ૧૦૫૦ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૬૪૦ |
| ૭ | શીંગફાડા | ૧૦૨૫ | ૧૩૫૫ |
| ૮ | મગફળી | ૮૦૦ | ૯૨૫ |
| ૯ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૩૫ |
| ૧૦ | સોયાબીન | ૭૭૦ | ૮૧૫ |
| ૧૧ | તુવેર | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | મગ | ૧૦૫૦ | ૧૪૩૦ |



## જાહેર નોટિસ

અમો એડવોકેટ એચ. એમ. મીઠાપરા રે. બાબરા તે અમારા અસીલશ્રી જયશ્રીબેન વશરામભાઈ દાણા રહે. કીડી, તા. બાબરા, જિ. અમરેલી વાળાની સુચના અનુસાર લાગતા વળગતા તથા જાહેર જનતા જોગ સર્વેને આ જાહેર નોટિસથી જાણ કરી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે કુંડળ નાની ગામે રેવન્યુ સર્વે નં. ૭૧, હે.આર.ચો.મી. ૨–૪૬–૮૬ વાળી તે રાઠોડ વાલાભાઈ સવાભાઈ વિગેરે ૮ ના સંયુકત માલિકી અને કબ્જા ભોગવટાની આવેલી છે. અને તેમના સંયુકત નામે ખાતા નં. ૩૧૫થી નોંધાયેલ છે. આ જમીન રેવન્યુ સર્વે નં. ૭૧ હે.આરે.ચો.મી. ૨–૪૬–૮૬ વાળી ખેડવાણ ખેતીની જમીન તેઓ વેચાણ કરવા માંગતા હોય જેથી અમારા અસીલ તેઓની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટિસ થકી લાગતા વળગતા તેમજ હિત ધરાવતા તમામ તથા જાહેર જનતાજોગ આ નોટિસ થકી જાણ કરવાની કે આ સદરહું વેચાણ થકી ખેતીની જમીન પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ પણ પ્રકારનો હકક હિત, હોય બોજો, ચાર્જ–લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પણ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે દિન – ૮માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી.થી જાણ કરવી. દિન – ૮નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવામાં કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૦૬/૦૬/૨૦૨૫
ઓફીસ : મામલતદાર ઓફીસ સામે,
મર્કેનટાઈલ બેંક નીચે. મુ. બાબરા.
મો. ૯૯૨૫૯૧૬૦૨૮

**હિતેષભાઈ એમ. મીઠાપરા**
**એડવોકેટ**


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૫૦ | ૯૪૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૯૫ | ૫૦૫ |
| ૩ | ચણા | ૭૪૦ | ૧૦૭૦ |
| ૪ | તુવેર | ૧૧૧૧ | ૧૨૯૦ |
| ૫ | ધાણા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૬ | એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૭ | મગ | ૧૧૨૦ | ૧૩૫૫ |
| ૮ | શીંગ ફાડા | ૧૧૭૫ | ૧૨૦૦ |
| ૯ | શીંગ દાણા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૧૦ | સોયાબીન | ૬૭૬ | ૮૧૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૦૨૨ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૫૬ |
| ૩ | તલ કાળા | ૨૩૯૦ | ૨૪૦૦ |
| ૪ | તલ પીળા | ૧૭૦૦ | ૧૮૫૦ |
| ૫ | કપાસ | ૧૨૫૦ | ૧૫૦૮ |
| ૬ | બાજરો | ૩૨૧ | ૪૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૮ | ૫૩૪ |
| ૮ | જુવાર | ૩૦૪ | ૮૬૧ |
| ૯ | મગ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૧૦ | અડદ | ૧૧૬૨ | ૧૧૬૨ |
| ૧૧ | તુવેર | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૧૨ | ચણા | ૯૩૦ | ૧૧૦૦ |
| ૧૩ | જીરૂ | ૩૩૩૩ | ૩૩૩૩ |
| ૧૪ | ચોળી | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૧૫ | સોયાબીન | ૭૬૦ | ૭૬૦ |
| ૧૬ | એરંડી | ૧૦૫૦ | ૧૧૪૬ |
| ૧૭ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૩૬૧ |

# અમરેલીનાં સત્યનારાયણ મંદિરે નાયબ દંડક કૌશિક વેકરિયાનાં જન્મદિને કથા યોજાઈ



અમરેલીનાં સત્ય નારાયણ મંદિરમાં વિધાનસભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના જન્મદિવસ નિમિત્તે મંદિરે કથા નંબર ૭૪૯ ધામધુમ પૂર્વક યોજાઈ આ તકે નાયબ દંડક કૌશિક વેકરિયા ભાજપના હોદેદારો બહોળી સંખ્યામાં આવેલ અને પૂજા દર્શન વિગેરેનો લાભ લીધેલ. આ કથા સત્યનારાયણ મંદિરના સેવકો મહેશભાઈ મસરાણી, મનીષભાઈ હીરયાણી, ભરતભાઈ દવે, અશોકભાઈ મકવાણા, હસુભાઈ માલવી, દિલીપભાઈ જસાણી, ભીખુભાઈ મકવાણા તથા જય.બી. મસરાણી તથા માણેકપરા મહાદેવ ચોક યુવક મંડળના સભ્યોથી સંયુકત રીતે કથા કરેલ છે. માણેકપરા મહાદેવ ચોકના પ્રમુખ તુષારભાઈ વાણી, મનીષભાઈ સાવલીયા, હિતેષાભાઈ પંડયા, અમીશભાઈ પટેલ તથા મહેશભાઈ મસરાણી દ્વારા શુભેચ્છા રૂપે બુકે આપેલ, મનીષભાઈ હરીયાણી, અશોકભાઈ મકવાણા, ભરતભાઈ દવે, હસુભાઈ માલવી, ભીખુભાઈ મકવાણા દ્વારા તેમનું ખેશ પહેરાવી સ્વાગત કરેલ તેમજ મહાદેવ ચોક યુવક મંડળનાં તુષારભાઈ વાણી વિગેરે સભ્યોએ જન્મદિવસ નિમિતે બુકેથી સ્વાગત કરેલ તેમજ ભાજપના તથા મંદિરે આવેલ તમામ ભકતોને મંદિર તરફથી જન્મદિવસના ખુશાલીરૂપે આઈસ્ક્રીક ખવરાવેલ. આ તકે નાયબ દંડક કૌશિકભાઈએ જયદેવભાઈ ગોરદાદાનું શાલ ઓઢાડી સન્માન કરેલ અને આશીર્વાદ મેળવેલ તેમજ મંદિરના પૂજારીનું ખેશ પહેરાવી સન્માન કર્યુ હતું.

### મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને રાજય કક્ષાની બ્રિફિંગ બેઠક યોજાઈ

## અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં તા. ૨૬ થી તા. ૨૮ જુન દરમિયાન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાશે

### અમરેલી જિલ્લા કલેકટર અને ડીડીઓ સહિતના અધિકારીઓ જોડાયા

અમરેલી,તા.૧૦

તા.૨૬ થીતા.૨૮ જૂન,૨૦૨૫ (ગુરૂવાર થી શનિવાર) દરમિયાન શાળાની તમામ સરકારી પ્રાથમિક, માધ્યમિક, અનુદાનિત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, જ્ઞાનશક્તિ અને રક્ષાશક્તિ રેસિડેન્સિયલ શાળા સહિતની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ-૨૦૨૫ યોજાશે.

શાળાપ્રવેશોત્સવઅનેકન્યા કેળવણીકાર્યક્રમ-૨૦૨૫નામુખ્યમંત્રીભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાનેયોજાયેલ રાજય કક્ષાની બ્રિફિંગબેઠકમાંઅમરેલીજિલ્લાકલેકટરઅજય દહિયાઅને જિલ્લા વિકાસઅધિકારી પરિમલ પંડયા સહિત અમરેલી જિલ્લાના અને રાજયભરનાઅધિકારીઓઓનલાઈનજોડાયા હતા.

મુખ્યમંત્રીએ વિકસિત ગુજરાત માટેશિક્ષણનુંમહત્વઅનેશિક્ષણક્ષેત્રેલાવવાના સકારાત્મક પરિવર્તન સહિતની બાબતોને આવરી લઈ પ્રેરક ઉદ્બોધન કર્યુ હતુ. શિક્ષણ મંત્રી અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ શિક્ષણ વિભાગની વિવિધ યોજનાકીયસહાયઅનેશિક્ષણવિભાગનીનેમ અને લક્ષ્યાંક અને ભાવિ આયોજનનો ચિત્તાર રજૂ કર્યો હતો. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી અને જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલે અમરેલી જિલ્લાના શાળા પ્રવેશોત્સવના આયોજન વિગત જણાવી હતી.

જિલ્લા પંચાયત કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, મદદનીશ પોલીસ અધીક્ષક સર્વ વલય વૈદ્ય, જયવીર ગઢવી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી,નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડા, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો.જોષી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઘનશ્યામ સોલંકી, સહિત વિવિધ કચેરીના અધિકારી-કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા અને તાલુકા કક્ષાએથી અધિકારીઓ-કર્મચારીઓ ઓનલાઈન જોડાયા હતા.

## બગસરા ખાતે શુક્રવારે વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૧૦

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૩/૬/૨૫ને શુક્રવારના રોજ ગૌ.વા. અરવિંદભાઈ જમનાદાસ ગોહેલ તથા ગૌ.વા. ભાનુમતીબેન અરવિંદભાઈ ગોહેલના સ્મરણાર્થ પિયુષભાઈ, જીગ્નેશભાઈ ગોહેલ પરિવારના સેજન્યથી ૬૨૦મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાત વાળા દર્દીઓને વિનામુલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડીદેવામા આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે ૧૩/૬/૨૫ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે આંખની હાસ્પિટલ ખાતે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## સુરત : સરસીયા ગામનો લેઉવા પટેલ સામાજિક સ્નેહમિલન અનોખી રીતે યોજાયું



ધારી, તા. ૧૦

ધારી તાલુકાના સરસીયા ગામના વર્ષો થી સુરતમાં સ્થાઈ થયેલા લેઉવા પટેલ સમાજનું સ્નેહમિલન મળ્યું જેમાં દરેક વર્ષો કરતા કંઈક અલગ રીતે ઉજવણી કરી સંપૂણ કાર્યક્રમનું મેનેજમેન્ટ પરિવારની દીકરીઓ તેમજ પુત્ર વધુઓ દ્વારા શક્તિ સ્વરૂપા રૂપે કરવામાં આવ્યું. જેઓ દ્વારા સ્ટેજ વ્યવસ્થા, બુક વિતરણ વ્યવસ્થા, એંકરિંગ દાન, વ્યવસ્થા, જમણવાર વ્યવસ્થા, તેમજ તમામ જવાબદારીઓ સચોટ રીતે સંભાળી હતી.

## રાજુલાનું નાનું એવું ગામ નાના રીંગણીયાળા થયું સમરસ



રાજુલા, તા.૧૦, રાજુલા તાલુકાનુ નાનુ એવુ ગામ ચૂંટણી પહેલા થયું સમરસ જોકે ધારાસભ્ય હીરાલાલ સોલંકી દ્વારા એક વિશેષ જાહેરાત પણ કરવામાં આવેલી કે કોઈ પણ ગામ સમરસ થશે ત્યારે પોતાની ગ્રાન્ટ માંથી વધારાના પાંચ લાખ રૂપિયા આપવામાં આવશે. ત્યારે નાના રિંગણીયાળા ગ્રામ પંચાતય ને સમરસતા પાછળ અનેક મહાનુભાવો અને કાર્યકર્તાઓના અથાગ પ્રયત્નો રહેલા છે. તેમાં મુખ્યત્વે સાંસદ ભરતભાઈ સુતરિયા અને ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી અને પ્રદેશ ભાજપ અગ્રણી રવુભાઈ ખૂમાણના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સાથેજ નાના રિંગણીયાળા ગામ ના ભારતીય જનતા પાર્ટીના યુવા અને નિષ્ઠાવાન કાર્યકર્તા રાજુલા શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ જયરાજભાઈ ધાખડા અને રાજુલા શહેર ભાજપ ના મંત્રી રાજેન્દ્રભાઈ ધાખડા ના સતત પ્રયાસો ને પ્રયત્ન થી શકય બન્યું છે. તો ગામના સરપંચ વનરાજભાઈ ધાખડા અને તમામ સભ્યઓ ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા.

## લાઠીનો યુવક અગ્નિવીરની તાલીમ પૂર્ણ કરી પરત ફરતા સ્વાગત કરાયું



દામનગર, તા. ૧૦

લાઠી શહેરમાં બેગલોરૂથી અગ્નિવીરની તાલીમ પૂર્ણ કરી માદરેવતન લાઠી પધારેલ ધ્રુવ મનસુખ કાટિયાનો ભવ્ય સામૈયા સત્કાર કરાયો જતો દેશની સુરક્ષા માટે લશ્કરમાં જોડાયેલ યુવાન કપરી તાલીમ બાદ વતન લાઠી પધારતા સમગ્ર શહેરમાં ભારે ઉત્સાહ સાથે સામૈયા કરાયા હતા. શહેરના મુખ્ય માર્ગો ઉપર ત્રિરંગા સાથે ભવ્ય સત્કાર સામૈયા યોજાયા હતા.

### શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - સાવરકુંડલા

**મહુવા રોડ, રેલ્વે ફાટક પાસે, મુ. સાવરકુંડલા. જી. અમરેલી.**

**: જાહેરાત :**

**: બિજો પ્રયત્ન :**

(૧) બજાર સમિતિમાં નિર્માણ કરવામાં આવતા વિવિધ કન્સ્ટ્રકશન કામો જેવા કે શેડ, સી.સી.રોડ, ગોડાઉનો વિ.ના પ્લેટફોર્મ, પાયા, ડોગરા વિ.ના ખોદાણ કામમાંથી નિકળેલ વેસ્ટેડ માટીનો નિકાલ કરવાનો છે. તે લેવા ઈચ્છતા ઈસમોએ સ્થળ ઉપર મુલાકાત લઈ માટી જોઈ પોતાના ખરીદીના ભાવો બંધ કરવામાં દિવસ-૮ માં બજાર સમિતિનાં કાર્યાલયે પહોંચતા કરવા જણાવવામાં આવે છે.

(૨) બજાર સમિતિમાં શાકભાજી વિભાગમાંથી એકત્ર કરેલ કચરો, માટી, વેસ્ટનો નિકાલ કરવાનો છે. તે લેવા ઈચ્છતા ઈસમોએ સ્થળ ઉપર મુલાકાત લઈ માટી જોઈ પોતાના ખરીદીના ભાવો બંધ કરવામાં દિવસ-૮ માં બજાર સમિતિના કાર્યાલયે પહોંચતા કરવા જણાવવામાં આવે છે.

**નોંધ : ઉપરોકત કામ અંગે આવેલ ભાવો બાબતે નિર્ણય કરવાની તમામ સત્તા બજાર સમિતિને અબાધીત રહેશે.**

| દિપકભાઈ કે.માલાણી | મહેશભાઈ એમ. લખાણી | જે.વી. માલાણી |
|---|---|---|
| ચેરમેનશ્રી | વાઈસ ચેરમેનશ્રી | સેક્રેટરીશ્રી |

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - સાવરકુંડલા**


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

શરૂ થતાં નવા સત્ર માટે... **પ્રવેશ શરૂ**

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પધ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in


# અમરેલી ખાતે ઉમિયા પ્લાયવુડનો દબદબાભેર શુભારંભ થયો



અમરેલી ખાતે ઉમિયા પ્લાયવુડના શુભારંભ પ્રસંગે બીએપીએસ સ્વામીનારાયણના સંતોના વરદ હસ્તે ઓપનિંગ કરવામાં આવ્યું તેમજ મહેમાનો ઉપસ્થિત પરસોતમભાઈ રૂપાલા અને IFFCO અને NCUI ના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, રાજય સભાના સાંસદ રામભાઈ મોકરીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અમરેલી વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, વસંતભાઈ મોવલીયા, મનીષભાઈ સંઘાણી, અમરેલી નાગરિક બેંકના ચેરમેન પી.પી. સોજીત્રા, માર્કેટિંગ યાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, ચતુરભાઈ ખુંટ, હસમુખ પટેલ, કાળુભાઈ રૈયાણી, વિદ્યાસભાના કેમ્પસ ડાયરેકટર્સ વસંતભાઈ પેથાણી, ખોડલધામના ટ્રસ્ટીઓ, અમરેલી વેપારી મહામંડળ, અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર્સ, રોટરી કલબ ઓફ ગીર, સરદાર ધામના ટ્રસ્ટીઓ, લાયન્સ કલબના સભ્યો, કરિયાણા એસોસિએશન, ટાવર ચોક એસોસિએશન તેમજ વિવિધ સંસ્થાઓ અમરેલીના સર્વે અગ્રણીઓ અને વેપારીઓ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




## રહેણાંક વિસ્તારમાં આવેલ એક વરંડામાં ઘુસીને તરખાટ મચાવ્યો

# બગસરાનાં શાપર ગામે સિંહે ૩૨ ઘેટા-બકરાનું કર્યુ મારણ

### વિકલાંગ પશુપાલકનાં ૪૨ માંથી ૩૨ ઘેટા-બકરા મોતને ભેટતા આજીવીકાનો પ્રશ્ન ઉભો થયો

### વન વિભાગે ઘટના સ્થળે દોડી જઈને મૃતક ઘેટા-બકરાને હટાવવાની કાર્યવાહી કરી

### યુધ્ધનાં ધોરણે વિકલાંગ પશુપાલકને વળતર ચુકવવામાં આવે તેવી માંગ

### દેશનાં ગૌરવસમા સિંહોનાં મારણની વનતંત્ર જવાબદારી નિભાવી શકતું નથી તે હકીકત છે

બગસરા, તા. ૧૦

બગસરાના શાપર ગામે ગઈકાલે રાત્રિ દરમિયાન સિંહો દ્વારા ગામની અંદર આવેલા વિસ્તારમાં એક ભરવાડના વંડામાં ઘૂસીને એકસાથે ૩૨ જેટલા ઘેટા-બકરાનું મારણ કરવામાં આવ્યું હતું.

બગસરાથી તદન નજીક આવેલું શાપર ગામ જયાં અવારનવાર સિંહો દ્વારા ઢોર તેમજ ઘેટા-બકરા પર મારણ કરવાના કિસ્સા બની રહ્યા છે. ત્યારે ગઈકાલના વહેલી સવારના રોજ સવારે ચારથી પાંચ વાગ્યા દરમિયાન સિંહો દ્વારા રહેણાંક વિસ્તારમાં ઘૂસી સોમાભાઈ પાંચાભાઈ શિયાળના વંડામાં એકસાથે ૪૨ જેટલા ઘેટા-બકરા બાંધેલા હતા અને આ ભરવાડ પોતે વિકલાંગ હોવાથી તેમનું ગુજરાન આ ઘેટા બકરાના


તસ્વીર : સમીર વિરાણી-બગસરા

સહારે ચલાવતા હતા. જયારે રાત્રી દરમિયાન સિંહો દ્વારા તેમના વંડામાં ઘૂસી ઘેટા-બકરા પર ત્રાટકયા અને ૩૨ જેટલા ઘેટાને મોતને ઘાટ ઉતારી દીધા. જયારે દસેક જેટલા ઘેટા-બકરા ઈજાગ્રસ્ત પણ થયા હતા. જયારે આ બાબતની જાણ વન તંત્રને કરતા જંગલ

અનુસંધાન પાના ૬ ઉપર

## બાબરામાં વડ સાવિત્રી વ્રતની ઉજવણી કરતી મહિલાઓ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

જેઠ માંસની પૂનમ એટલે વડ સાવિત્રીના વ્રતનો પ્રારંભ આગામી દિવસોમાં આવનારા અન્ય વ્રતોનો પ્રારંભ પણ આ વ્રતથી થાય છે પતિના લાંબા નિરોગી આયુષ્ય માટે સૌભાગ્ય સ્ત્રીઓ આ વડ સાવિત્રીનું વ્રત પાંચ વર્ષ સુધી કરે છે. ત્યારે બાબરામાં પંચકુંડે નીલકંઠ મહાદેવના સાનિધ્યમાં શહેરની સૌભાગ્ય સ્ત્રીઓ વિધિ વિધાન સાથે પૂર્ણ ભાવ અને ભકિત અને શ્રદ્ધાપૂર્વક વડનું પૂજન અર્ચન અને પ્રદક્ષિણા કરી વડ સાવિત્રીના વ્રતનો પ્રારંભ કરે છે. અહીં મોટી સંખ્યામાં સૌભાગ્ય સ્ત્રીઓ વ્રતનું પૂજન અર્ચન કરી પોતાના પતિના નિરોગી દીર્ઘાયુ માટે માતા પાર્વતી અને મહાદેવને પ્રાથના કરે છે.

## ભાજપનાં સ્પષ્ટ વકતા ડો. કાનાબારે સોશ્યલ મીડિયામાં સંદેશ વાયરલ કર્યો

# અવનવા કાર્યક્રમોમાં એકત્ર થતી ભીડ ક્યારેય અન્યાય વિરૂધ્ધ રોડ પર નથી આવતી

### પાયાના પ્રશ્નોના સમાધાન માટે રોડ પર નથી આવતી

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ અને સ્પષ્ટ વકતા અને રાજકારણમાં હોવા છતાં હજુ પણ તેમનો આત્મા સાચી વાત કરવા તૈયાર હોય છે તેવા ડો. કાનાબારે તાજેતરમાં સોશ્યલ મીડિયામાં એક સંદેશ વાયરલ કર્યો છે.

તેઓ જણાવે છે કે, ભીડ, મેદની, ટોળા, ધકકામુકકી આ બધી બાબતોની આપણે ત્યાં કોઈ નવાઈ નથી !



ઘણીવાર એમ પણ લાગે કે જાણે કે માનવ જીંદગીની આપણે ત્યાં કોઈ કિંમત જ નથી !

કયારેક ક્રિકેટની ઉજવણી જોવા ઉમડેલી ભીડમાં નાસભાગ થાય છે અને લોકો કચડાઈ મરે છે.

કયારેક કોઈ ધાર્મિક મેળામાં નાસભાગ થાય છે અને લોકો કચડાઈ મરે છે.

પણ દેશની કમનસીબી એ છે કે આટલી ભીડ કયારેય પોતાના હકક અને અધિકાર માટે રોડ પર નથી આવતી.

આટલી ભીડ કયારેય કોઈ અન્યાય વિરૂધ્ધ રોડ પર નથી

અનુસંધાન પાના ૬ ઉપર

## વૃધ્ધ દંપત્તિ રાંદલનાં દડવા ગામેથી જતાં હોય

# ચમારડીથી લુણકી જવાનાં માર્ગ ઉપર કાર ચાલકે હડફેટે લેતા વૃધ્ધાનું મોત

### સ્થાનિક પોલીસે કાર ચાલકની શોધખોળ આદરી

અમરેલી, તા. ૧૦

કુંકાવાવ તાલુકાના રાંદલના દડવા ગામે રહેતા ગીરધરભાઈ ઘુસાભાઈ બરવાળીયા નામના ૭૦ વર્ષિય ખેડુત ગત તા. ૮ના રોજ તેની પત્નિ રંભાબેનને વાંડળીયાથી તેડીને સવારના આશરે સાડા નવેક વાગ્યાના અરસામાં મોટર સાઈકલ નં. જી.જે.-૫ એન.બી.-૦૭૪૧ લઈને બાબરાથી ચમારડી ગામ જતા લુણકી ગામ તરફ જવાના કાચા રસ્તા પાસે પહોંચતા પાછળ થી એક વ્હાઈટ કલરની મહિન્દ્રા કંપનીની ફોર વ્હીલ કારના ચાલકે પોતાના હવાલાવાળી કાર ગફલતભરી રીતે ચલાવી અને મોટર સાયકલને પાછળથી ઠોકર મારી દઈ વૃધ્ધ ખેડૂત તથા તેમના પત્નિ રંભાબેનને પછાડી દેતા રંભાબેનને માથાના ભાગે તથા નાકના ભાગે તથા કપાળના ભાગે, જમણા હાથના કાંડાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## વિકાસની ગુલબાંગો વચ્ચે જનતાને પીવાનું પાણી મેળવવું મુશ્કેલ

# જાફરાબાદનાં સામાકાંઠાનાં અમુક વિસ્તારમાં એક મહિના કરતા વધારે સમયથી પીવાનું પાણી વિતરણ નથી થયું

### સાગરખેડૂ વિકાસ ટ્રસ્ટે ઉચ્ચકક્ષાએ પત્ર પાઠવીને ''પાણી આપો''ની કરી માંગ

જાફરાબાદ, તા. ૧૦

જાફરાબાદ સામાકાંઠા વિસ્તારોમાં જીવન જરૂરિયાત પાણી મહિનાથી વિતરણ ન થતા ઘણા ખરા વિસ્તારોમાં પાણીની અછત સર્જાતા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરવામાં આવી.

રજૂઆતમાં જણાવેલ કે, ઘણા ખરા વિસ્તારોના નાગરિકોની ફરિયાદ છે કે, આ વિસ્તારમાં નગરપાલિકા દ્વારા જે પાણી પીવાનું આપવામાં આવે છે તે પાણી છેલ્લા ઘણા સમયથી આપવામાં આવતું નથી. જેથી

અનુસંધાન પાના ૬ ઉપર



## મરિન પિપાવાવ પોલીસે કરી કામગીરી

# લોઠપુર-કોવાયા માર્ગ ઉપર અકસ્માત કરી નાસી છુટેલ ઈસમની અટકાયત

### અકસ્માત કરનાર ટ્રક ચાલક વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૧૦

રાજુલા તાલુકાના બારપટોળી ગામે રહેતા કનુભાઈ નાથાભાઈ લાખણોત્રા પોતાના હવાલાવાળા મોટર સાઈકલ નં. જીજે-૧૪-એજી-૩૬૦૫ લઈ બારપટોળી ગામેથી કોવાયા અલ્ટ્રાટેક કંપનીમા નાઈટમાં નોકરી ઉપર જતા હોય તે દરમ્યાન રાત્રીના આશરે સાડા



નવેક વાગ્યે લોઠપુર કોવાયા રોડ ઉપર કરાળના હનુમાનદાદા પાસે પહોંચતા પાછળથી કોઈ અજાણ્યા વાહન ચાલકે મોટર સાયકલને ટક્કર મારી અડફેટે લઈ પછાડી દઈ માથાના ભાગે વ્હીલ ચડી જતા માથામા ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી પોતાનું વાહન ચલાવી નાસી ગયા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)